
ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

08 DECEMBER, 2025 MONDAY





પેજ 2 — નર્મદા કેનાલનો રોડ બન્યોમરણપથારી' બિસ્માર રસ્તાઓથી વાહનચાલકો ત્રાહિમામ



પેજ 3 — 4 લેઉવા પટેલ સમાજના મંત્રીઓના સન્માન સમારોહ



પેજ 7 — અડાલજ-ખોરજ નજીકની નર્મદા કેનાલમાં વૃદ્ધની મોતની છલાંગ

પેજ 5 — અમદાવાદ : RTO પાસે બે યુવકે દારૂના નશામાં આતંક મચાવ્યો

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 263 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

### પહેલા માળે આગ લાગી, લોકો દોડીને કિચન તરફ ભાગ્યા જેથી ફસાઈ ગયા

# ગોવાની નાઈટ ક્લબમાં આગનું તાંડવ : 25 લોકોનાં મોત

### - માર્યા ગયેલામાં ૧૪ લોકો ક્લબમાં જ કામ કરતા હતા, ગેરકાયદે ક્લબ ચલાવવા મંજૂરી આપનારા સરપંચ સહિત પાંચની ધરપકડ

પણજી: પર્યટન રાજ્ય ગોવાની એક નાઈટ ક્લબમાં મોડી રાત્રે આગ લાગી હતી, જેને કારણે ક્લબના સ્ટાફના ૧૪ લોકો સહિત કુલ ૨૫ નાગરિકોએ જીવ ગુમાવ્યો હતો. મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે જણાવ્યું કે, કોઈ બ્લાસ્ટ નહીં પરંતુ ક્લબની અંદર ચાલતા ફાયરવર્ક્સના કારણે આગ લાગી હતી. તેમણે આ દુર્ઘટનાની ન્યાયિક તપાસના આદેશ આપ્યા છે. જોકે, ક્લબ કલ્ચર માટે વિશ્વ વિખ્યાત ગોવામાં આ દુર્ઘટનાએ નાઈટ ક્લબો સહિતના પર્યટન સ્થળોની સુરક્ષા અંગે અનેક સવાલો ઉભા કર્યા છે.

ઉત્તર ગોવાના અર્પોરા વિસ્તારમાં આવેલા બર્ચ બાય રોમિયો લેન નાઈટ ક્લબમાં બહુ જ મોટી સંખ્યામાં લોકો હાજર હતા, ડાંસ ચાલી રહ્યો હતો, મ્યૂઝિક પાર્ટી થઈ રહી હતી. એવામાં અચાનક ઉપર આગ લાગી હતી. સમગ્ર નાઈટ ક્લબ પેક હતું જેને કારણે મોટાભાગના લોકોના મોત ગુંગળામણને કારણે થયા હતા. માર્યા ગયેલામાં મોટાભાગના સ્ટાફના લોકો, ચાર પર્યટકોનો સમાવેશ થાય છે જ્યારે સાત લોકોની ઓળખ કરવામાં આવી રહી છે. તપાસમાં સામે આવ્યું છે કે આ નાઈટ ક્લબ ગેરકાયદે ચાલતું હતું, દારુ વેચવાથી લઈને કોઈ પણ પ્રકારની મંજૂરી લેવામાં નહોતી આવી. ક્લબના માલિક સૌરભ લુથરા અને ગૌરવ લુથરા સામે ફરિયાદ દાખલ કરાઈ છે. ક્લબને ટ્રેડ લાઈસેંસ આપનારા સ્થાનિક સરપંચ રોશન રેડકરની અટકાયત કરાઈ છે.

ગોવા પોલીસનો દાવો છે કે સિલિન્ડર ફાટવાને કારણે આગ લાગી હતી, જ્યારે સાક્ષીઓનું કહેવુ છે કે ક્લબમાં લોકો ડાંસ કરી રહ્યા હતા ત્યારે ઈલેક્ટ્રિક ફટાકડા ફોડવામાં આવ્યા હતા જેને કારણે આગ લાગી હતી. પ્રાથમિક તપાસમાં એવા સંકેતો મળ્યા છે કે પ્રથમ માળે આગ લાગી હતી, ચાલવાનો મુખ્ય રસ્તો અને દરવાજો અત્યંત સાંકડો હોવાને કારણે ગ્રાહકો ફસાઈ ગયા અને બહાર ના નીકળી શક્યા. મોટાભાગના લોકો ગુંગળામણને કારણે માર્યા ગયા હતા. ઘટનાને જોનારી દિલ્હીની પર્યટક રીયાએ કહ્યું હતું કે ફટાકડા ફુટી રહ્યા હતા જે બાદ આગ લાગી ગઈ, ક્લબમાં નાસભાગ જેવી સ્થિતિ હતી. ડાંસ ચાલી રહ્યો હતો તે રૂમમાં ૧૦૦થી વધુ લોકો ઘટના સમયે હાજર હતા. બચવા માટે તમામ લોકો નીચે જવા લાગ્યા અને કિચનમાં પહોંચી ગયા જ્યાં તેઓ ફસાઈ ગયા હતા, આ દાવો ઘટનાને નિહાળનારી હૈદરાબાદની ફાતિમા શેખે કર્યો હતો. ૩૧મી તારીખે નવા વર્ષના વધામણા માટે ગોવામાં બહુ જ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોય છે, એવામાં આ ઘટનાએ લોકોની સુરક્ષાને લઈને અનેક સવાલો પણ ઉભા કર્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી, સાથે જ માર્યા ગયેલા લોકોના પરિવાર માટે વડાપ્રધાન નેશનલ રીલિફ ફંડમાંથી બે લાખ રૂપિયા જ્યારે ઘાયલોને ૫૦,૦૦૦ની સહાય જાહેર કરી હતી. રાજ્ય સરકાર દ્વારા મૃતકોના પરિવારને પાંચ લાખની સહાયની જાહેરાત કરાઈ હતી. હાલમાં ક્લબના ચાર કર્મચારીઓની પણ ધરપકડ કરવામાં આવી છે. જેમાં ક્લબના મુખ્ય જનરલ મેનેજર, જનરલ મેનેજર, બાર મેનેજર, ગેટ મેનેજરનો સમાવેશ થાય છે. જ્યારે ક્લબના માલિકો હજુ પણ ફરાર છે અને ટૂંક સમયમાં તેમની પણ ધરપકડ કરી લેવામાં આવશે તેવો દાવો પ્રશાસને કર્યો હતો.

ગોવાની નાઈટ ક્લબમાં જે પણ લોકો માર્યા ગયા તેમાં ૧૪ જેટલા મજૂરોનો સમાવેશ થાય છે. મહિને ૧૫થી ૨૫ હજાર રૂપિયામાં ગુજરાન ચલાવનારા આ મજૂરોનો પરિવાર હોસ્પિટલની બહાર બેઠી રહ્યો, જ્યારે જમીન પર આ મજૂરોના મૃતદેહ પડયા હતા.

પરિવારે આંખોમાં આંસુ સાથે કહ્યું હતું કે ગોવામાં અમારુ કોઈ નથી, ઘર પણ નથી. મૃતદેહોને ગામડે લઈ જવા માટે રૂપિયા નથી. આ નાઈટ ક્લબમાં રસોઈયા તરીકે કામ કરતા ઉત્તરાખંડના ૨૪ વર્ષીય જિતેન્દ્ર રાવત, ઝારખંડ, નેપાળ, આસામ સહિતના કેટલાક રાજ્યોથી આ મજૂરો રોજીરોટી માટે ગોવા આવ્યા હતા. કેટલાક ખેડૂતોના પુત્રો તો કેટલાક ખેત મજૂરોના સંતાનો હતા.



### UIDAIની નવી જાહેરાત

## QR કોડ અને નવી એપથી ફટાફટ થશે આધાર વેરિફિકેશન, લોકોને સુવિધા

• નવી દિલ્હી

નવી એપથી અને QR કોડ ફટાફટ આધાર વેરિફિકેશ મામલે UIDAIએ નવી જાહેરાત કરી છે. સરકાર ટૂંક સમયમાં એક નવો નિયમ લાગુ કરશે. જેમાં હોટલ, ઈવેન્ટ આયોજક અને અન્ય સંસ્થાઓને ગ્રાહકોના આધાર કાર્ડની ફોટોકોપી રાખવા પર પ્રતિબંધ મૂકાશે. વર્તમાન આધાર કાયદા મુજબ, કારણ વગર કોઈના આધારની ફોટોકોપી રાખવી ગેરકાયદેસર છે.

UIDAIના CEO ભુવનેશ કુમારે જણાવ્યું હતું કે, 'આવી સંસ્થાઓએ હવે ઓફલાઈન વેરિફિકેશન માટે નોંધણી કરાવવી પડશે. ત્યારબાદ તેમને નવી ટેકનોલોજી પ્રાપ્ત થશે, જેમાં તેઓને QR કોડ સ્કેન અથવા નવી આધાર એપ દ્વારા વ્યક્તિઓને ઓળખવાની મંજૂરી આપશે. આ નવા નિયમનો હેતુ કાગળ આધારિત વેરિફિકેશનને દૂર કરવાનો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, 'નવી પ્રક્રિયામાં સંસ્થાઓને API (એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ) દ્વારા તેની સિસ્ટમમાં આધાર વેરિફિકેશન એકીકૃત કરવાની મંજૂરી આપશે. UIDAI હાલમાં એક નવી એપનું બીટા પરીક્ષણ કરી રહ્યું છે. આ એપ દર વખતે કેન્દ્રીય આધાર ડેટાબેઝ સાથે કનેક્ટ થયા વિના ચકાસણીને મંજૂરી આપશે. તેનો ઉપયોગ એરપોર્ટ, દુકાનો અને હોટલ જેવા સ્થળોએ થઈ શકે છે. જે ઓફલાઈન ચકાસણીને સરળ બનાવશે, કાગળકામની જરૂરિયાત ઘટાડશે અને વપરાશકર્તાઓના આધાર ડેટાની સુરક્ષા સુનિશ્ચિત કરશે.'

નવા એપની મદદથી ઉપયોગકર્તા પોતાનું એડ્રેસ અપટેડ કરી શકશે અને પરિવારને એ સભ્યોને પણ જોડી શકશે કે જેમની પાસે મોબાઈલ નથી. આ એપ ડિજિટલ પ્રોફેશન ડેટા પ્રોટેક્શન એક્ટ હેઠળ તૈયાર કરવામાં આવ્યું છે અને આગામી 18 મહિનામાં સંપૂર્ણરીતે લાગુ થવાની સંભાવના છે. આ નવી રીતથી આધાર સેવામાં ગોપનીયતા અને સુરક્ષા બંને સુનિશ્ચિત કરી શકાશે. UID-AI હાલમાં એક નવી એપનું બીટા પરીક્ષણ કરી રહ્યું છે. આ એપ દર વખતે કેન્દ્રીય આધાર ડેટાબેઝ સાથે કનેક્ટ થયા વિના ચકાસણીને મંજૂરી આપશે. તેનો ઉપયોગ એરપોર્ટ, દુકાનો અને હોટલ જેવા સ્થળોએ થઈ શકે છે.

## અંતરિક્ષમાં ભારત-રશિયાની મિત્રતા એક ઓર્બિટમાં બન્નેના સ્પેસ સ્ટેશનો

નવી દિલ્હી: આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (આઈએસએસ)ની સફર વર્ષ ૨૦૩૦-૩૧ સુધીમાં ખતમ થવા જઈ રહી છે. જે બાદ રશિયા અને ભારત ભવિષ્યના પોતાના અંતરિક્ષ સ્ટેશનોંને એક જ ઓર્બિટમાં સ્થાપિત કરશે.

એટલે કે જળ, જમીન, આકાશ અને હવે અંતરિક્ષમાં પણ ભારત અને રશિયાની મિત્રતા જોવા મળશે.

એક જ ઓર્બિટ ક્ષેત્રમાં ભારત અને રશિયા બન્નેના અંતરિક્ષ સ્ટેશનો સંચાલિત કરવાની જાહેરાત રશિયાની અંતરિક્ષ એજન્સી રોસ્કોસ્મોસના પ્રમુખ દમિત્રી બકાનોવે દિલ્હીની મુલાકાત દરમિયાન કરી હતી. તેઓ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની સાથે ભારતની મુલાકાતે આવ્યા હતા. બન્ને સ્ટેશનો ૫૧.૬ ડિગ્રી ઝૂકાવ વાળી કક્ષા કે ઓર્બિટમાં ચક્કર લગાવશે. આ એ જ ક્ષેત્ર કે ઓર્બિટ છે કે જ્યાં આઈએસએસ એટલે કે આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન ફરે છે. બન્ને દેશોના અંતરિક્ષ સ્ટેશનોને એક જ ઓર્બિટમાં સ્થાપિત કરવાથી એક મોટો ફાયદો એ થશે કે બન્ને દેશોના અંતરિક્ષ યાત્રી સરળતાથી એકબીજાના સ્ટેશનો પર આવ જા કરી શકશે. સાથે મળીને વૈજ્ઞાનિક પ્રયોગો કરી શકશે. એટલુ જ નહીં ઈમર્જન્સીની સ્થિતિમાં પણ એકબીજાને મદદરૂપ થશે. રશિયન સ્પેસ સેંટર એનર્જિયા દ્વારા આ સ્ટેશન વિકસિત કરાશે. જે ૨૦૨૮માં લોંચ કરવામાં આવી શકે છે જ્યારે ભારતનું બીએએસ ઈસરો દ્વારા વર્ષ ૨૦૩૫ સુધી પૂર્ણ કરવાની શક્યતા છે.

### માઇનસ ૪.3 ડિગ્રી સાથે અમરનાથ બેઝ કેમ્પ રાજ્યનું સૌથી ઠંડુ સ્થળ

## ઉ. ભારતમાં ઠંડીનું તીવ્ર મોજું : કાશ્મીરમાં અનેક સ્થળો તાપમાન શૂન્યથી નીચે



• નવી દિલ્હી, તા. ૭

રવિવારે સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું ફરી વળ્યું હતું. જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ બેઝ કેમ્પ માઈનસ ૪.૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે સૌથી ઠંડુ સ્થળ રહ્યું હતું.

બીજી તરફ પંજાબ, હરિયાણા અને રાજસ્થાનનાં કેટલાક ભાગોમાં લઘુતમ તાપમાન ત્રણથી સાત ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહ્યું હતું.

ભારતીય હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર સોમવારે અને મંગળવારે મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્રના વિદર્ભ, છત્તીસગઢ અને ઓડિશાનાં અલગ અલગ વિસ્તારોમાં ઠંડીનું તીવ્ર મોજું જોવા મળી શકે છે.

દિલ્હીમાં લઘુતમ તાપમાન આઠ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. જે એક દિવસ પહેલા ૬.૮ ડિગ્રી સેલ્સિયસ હતું. આમ છતાં આજનું તાપમાન સામાન્યથી ૧.૬ ડિગ્રી સેલ્સિયસ નીચું હતું.

હિમાચલ પ્રદેશમાં ગાઢ ધુમ્મસને ધ્યાનમાં રાખીને યલો એલર્ટ જારી કરવામાં આવી છે. પંજાબમાં ૪.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે ફરીદકોટ સૌથી ઠંડુ રહ્યું હતું. હરિયાણામાં નરનૌલ ૪.૬ ડિગ્રી સાથે સૌથી ઠંડુ રહ્યું હતું.રાજસ્થાનનાં સિકર જિલ્લાનું ફતેહપુર લઘુતમ ૩.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યમાં સૌથી ઠંડુ રહ્યું હતું. ઝારખંડના આઠ જિલ્લાઓમાં લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસથી ઓછું નોંધવામાં આવ્યું હતું.પશ્ચિમ બંગાળમાં સિઝનમાં પ્રથમ વખત ૧૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું હતું.

## એક કર્મચારીના ખુલ્લા પત્રએ ઈન્ડિગોની આંતરિક પોલ ખોલી

### અંદરથી ખોખલી થઈ રહેલી એરલાઈનની દર્દનાક કહાની

નવી દિલ્હી: ભારતની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગો તાજેતરમાં ફલાઈટ સંકટ ઉપરાંત એક વાયરલ ખુલા પત્રને કારણે પણ ચર્ચામાં છે, જે એરલાઈનના જ એક કર્મચારીએ લખ્યો છે. આ પત્ર કંપનીની અંદર વર્ષોથી એકત્ર થતા તણાવ, કામ કરવાની ખરાબ પરિસ્થિતિ, વ્યવસ્થાગત ઉપેક્ષા અને ભયના વાતાવરણની માર્મિક સાબિતી પૂરે છે. કર્મચારીનો દાવો છે કે ઈન્ડિગોનું આજનું સંકટ કોઈ અચાનક ઊભી થયેલી સમસ્યા નથી, પણ વર્ષોથી જારી દમનકારી કાર્ય સંસ્કૃતિ અને ચેતવણીઓની ઉપેક્ષાનું પરિણામ છે.

પત્ર લેખક અનુસાર કંપનીની હાલની કટોકટી અચાનક નહિ, પણ વર્ષોની ઉપેક્ષા, દમનકારી નિર્ણયો અને અહંકારથી ઉદ્ભવી છે

કર્મચારીએ જણાવ્યું કે ૨૦૦૬માં ઈન્ડિગોની શરૂઆત ગર્વથી યુક્ત હતી, પણ કંપનીના વધતા વ્યાપ સાથે આ ગર્વ ધીમે ધીમે અહંકાર અને પછી લાલચમાં તબદીલ થઈ ગયો. એરલાઈનની ભીતર આ માન્યતા દ્રઢ થઈ ગઈ કે આપણે એટલા મહાન થઈ ગયા છીએ કે અસફળ થવાની કોઈ શક્યતા જ નથી. સાથે જ અનેક ખોટા નિર્ણયો લેવાયા, જેમાં નવા પ્રતિસ્પર્ધીઓ, જેવા કે આકાસા એરને નબળા પાડવાના હેતુથી વિશેષ રુટ પર અનાવશ્યક વધુ ફ્લાઈટ ચલાવવા જેવા કૃત્યો સામેલ હતા. પ્રવાસીઓ ભલે એરલાઈનની સમયની પાબંદીથી ખુશ હોય, પણ આ બધુ સ્ટાફની ભલાઈ અને ઓપરેશનલ વ્યવસ્થાના ભોગે હાંસલ થયું હતું.પત્રનો સૌથી ચોંકાવનારો હિસ્સો હતો નેતૃત્વ સામે કરાયેલા સવાલો. કર્મચારીએ આરોપ લગાવ્યો કે એવા લોકો પણ વાઈસ પ્રેસિડન્ટ બની ગયા જેમને મૂળભૂત ઈમેલ લખવાનો પણ અનુભવ નહોતો. આ પદો પર અમુક કર્મચારીઓને શક્તિશાળી બનાવવાનો જ એકમાત્ર હેતુ હતો. પરિણામે પાયલટ, એન્જિનીયર અને ગ્રાઉન્ડ સ્ટાફ જેવા ફ્રન્ટલાઈન કર્મચારી લગાતાર દબાવમાં આવી ગયા. થકાન, સુરક્ષા જોખમ અને કાર્યભાર વિશે ફરિયાદ કરનારા પાયલટોને દમદાટી, ધમકી અને અપમાનનો સામનો કરવો પડયો.

### બેંગલુરુમાં યોજાશે IPL-2026ની મેચ

## BCCI પહેલા કર્ણાટક સરકારે કરી મોટી જાહેરાત

• બેંગ્લુરુ

IPL-2026ની સિઝન માટે થોડા જ દિવસોમાં ખેલાડીઓની હરાજી થવાની છે, ત્યારે મેચોના આયોજન સ્થળને લઈને ચર્ચા ચાલી રહી હતી કે શું રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) ને હોમ ગ્રાઉન્ડ એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મેચો રમવા મળશે કે કેમ? આ અનિશ્ચિતતા વચ્ચે કર્ણાટક સરકારે મોટો નિર્ણય જાહેર કર્યો છે.

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે આજે (7 ડિસેમ્બર) કહ્યું છે કે, 'અમે આઈપીએલને બીજી જગ્યાએ શિફ્ટ નહીં કરીએ અને તેને અહીં ચિન્નાસ્વામીમાં જ આયોજિત કરતા રહીશું. આ બેંગલુરુ અને કર્ણાટકનું અભિમાન છે, જેને અમે જાળવી રાખીશું.' તેમણે આ જાહેરાત કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિયેશન (KSCA)ની ચૂંટણીમાં મતદાન કર્યા બાદ કરી હતી.

ડી.કે.શિવકુમારનું આ નિવેદન ચિન્નાસ્વામી સ્ટેડિયમને લઈને ચાલી રહેલી અનિશ્ચિતતા વચ્ચે આવ્યું છે. વાસ્તવમાં IPL-2025 સીઝનમાં RCB ચેમ્પિયન બન્યા બાદ ચોથી જૂને ટીમની વિજય પરેડ દરમિયાન સ્ટેડિયમની બહાર ભારે નાસભાગ મચી ગઈ હતી, જેમાં 11 ચાહકોના મૃત્યુ અને 50 જેટલા ઈજાગ્રસ્ત થયા હતા.આ ગંભીર દુર્ઘટના બાદ KSCA અને RCB મેનેજમેન્ટ સામે કોર્ટમાં કેસ પણ દાખલ કરવામાં આવ્યો છે. BCCIએ ઘટના બાદ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં કોઈ મોટી મેચનું આયોજન કર્યું નથી, જેના કારણે એવી આશંકા વ્યક્ત કરવામાં આવતી હતી કે, RCB આવતા સિઝનમાં પુણેને હોમ વેન્યૂ તરીકે પસંદ કરી શકે છે.

## ગુજરાત ATSએ MD ડ્રગ્સની મોટી ફેક્ટ્રીનો કર્યો પર્દાફાશ, 2 કરોડના ડ્રગ્સ સાથે 6ની ધરપકડ

### સિમરખિયા ગામમાં દરોડા, સોઈતારા ગામમાં કાર્યવાહી

• અમદાવાદ

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વૉડ (ATS)એ રાજસ્થાન પોલીસ સાથે મળી એક મોટું ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યું છે. જેમાં 40 લિટર લિક્વીડ મેફેડ્રોન ડ્રગ્સ (MD)ને પકડી પાડ્યું છે. શેરગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સોઈતારા ગામમાં આવેલા ટ્યૂબવેલ પાસે કરવામાં આવેલી સંયુક્ત કાર્યવાહીમાં ગેરકાયદેસર ચાલતી ડ્રગ્સ લેબનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ગુજરાત ATSએ આરોપીને પકડીને કરેલી કાર્યવાહીમાં મોટા નેટવર્કનું પગેરું મળ્યું હતું. જે બાદ રાજસ્થાન પોલીસની મદદ લઈ જોધપુર પાસેથી લિક્વીડ મેફેડ્રોન ડ્રગ્સનો 40 લિટરનો મોટો જથ્થો ઝડપી લીધો હતો. જેની કિંમત 2 કરોડ અંકાઈ રહી છે.

જોધપુર ગ્રામીણ પોલીસ વડાના જણાવ્યા મુજબ ગુજરાત ATS બાલોતરા ક્ષેત્રમાં આરોપી મોનું ઓઝાની શોધખોળ માટે પહોંચી હતી. જ્યાં સિમરખિયા ગામમાં ડુંગરસિંહના મકાન પર દરોડા પાડી મોનું ઓઝા અને ગોવિંદ સહિત કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જેમની કડક પૂછપરછ કરવામાં આવતા સોઈતારા ગામમાં ડ્રગ્સ લેબ ચાલતી હોવાની માહિતી મળી હતી. જે આધારે ગુજરાત ATS અને જોધપુર ગ્રામીણ પોલીસ સાથે રેડ કરી હતી. જેમાં 40 લિટર લિક્વીડ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. આશંકા મુજબ આ લિક્વીડમાંથી 2 કરોડની કિંમતનું 2 કિલો ડ્રગ્સ બનાવી શકાય છે. ચોંકાવનારી વાત એ છે કે મુખ્ય આરોપી મોનું ઓઝાની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે એક ઓનલાઈન મોબાઈલ એપ થકી આરોપીઓ ડ્રગ્સ બનાવવાનું શીખ્યા હતા. જે બાદ તેણે ગોવિંદસિંહ સાથે મળી ડ્રગ્સની ફેક્ટરી ઊભી કરી દીધી હતી. આ મામલે ગુજરાત ATSએ 6 લોકોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ ગુજરાત ATSએ આ ડ્રગ્સનો સામાન ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ગુજરાતમાં ક્યાં સપ્લાય થવાનું હતું તે અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ ઓપરેશન એ દિશા પણ સંકેત આપે છે કે ગુજરાતના દરિયા કિનારા બાદ ડ્રગ્સ સપ્લાય કરવા માટે રાજસ્થાનના વિસ્તારોનો ઉપયોગ ડ્રગ્સ મેન્યુફેક્ચરિંગ યુનિટ અથવા ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે થઈ રહ્યો છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# બોર્ડ પરિક્ષાનું સમયપત્રક ચોક્સાઈથી કરવામાં આવે,એક ભૂલ ને આબરૂના ધજાગરા

•ભાવનગર

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ સંયોજક અને શિક્ષણવિદ્ તખુભાઈ સાંડસુરે જણાવ્યું છે કે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનું સમય પત્રકની ગોઠવણીનુ આયોજન ક્ષતિરહિત થાય તો જ પરિક્ષાની વિશ્વસનિયતામા વધારો થાય.વિધાર્થી ,વાલી અને સમગ્ર શિક્ષણ સમાજને ઓછામાં ઓછી મુશ્કેલીનો સામનો કરવો પડે.

તા. 4 માર્ચે ધુળેટીની રજા હોવા છતાં તે દિવસે પ્રશ્નપત્ર જાહેર કર્યું પછી તેનો સુધારો કરી પરિક્ષા રદ કરી તા 18 ના રોજ લઈ ગયાં.

ધો -10 ના બેઝીક અને સ્ટાડૅડ ગણિતના પ્રશ્નપત્રો અલગ અલગ દિવસે ગોઠવાતાં તા 28 ફેબ્રુઆરીએ વિજ્ઞાનના પેપર પછી છેક 9 તારીખે પેપર આવશે સતત 8 દિવસનો અંતરાય ખુબ વધારે છે.26 ફેબ્રુઆરીથી શરૂ થવાર આ પરિક્ષાઓ છેક 18 માર્ચ સુધી ચાલશે આ સમયગાળો પણ વિધાર્થીઓને માનસિક તણાવયુક્ત બને તેમ છે.તેથી ક્યાંક કોઈ સરળ પ્રશ્નપત્રમા રજા ન મળે તો પણ પરિક્ષા સમયસર આટોપાઈ જાય તે શિક્ષણહિતમાં છે.

ગુજરાત બોર્ડે પાસે હજું સમય છે નવેસરથી વિચાર કરી શકાય.

# ડભોઈ તાલુકામાં રખડતા કૂતરા પકડવાની કામગીરી શૂન્ય

•ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકામાં રખડતા કૂતરા પકડવાની કામગીરીમાં શૂન્ય એવા તલાટીઓ કયા મૂહુર્તની રાહ જુએ છે ગામલોકો ડભોઈ તાલુકા ની 83 ગ્રામ પંચાયતો ના 118 ગામો માંથી રખડતા, ભટકતા કૂતરાઓ ને પકડવા માટે તલાટીઓ ને લેખિત પરિપત્ર ધ્વારા આદેશ અપાયા છે.છતાં હજુ સુધી રખડતા કૂતરાઓ ને પકડવાની કામગીરી માટે નું કોઈ આયોજન તલાટીઓ ધ્વારા જણાયું નથી.જેથી ગ્રામ્ય વિસ્તારો માં નજીક ના સમય માં પણ રખડતા કૂતરો ની ફરિયાદ નો અંત આવે તેવું લાગતું નથી. રાજ્ય સરકાર ના પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ ના કમિશનરે ગામડાઓ માં રખડતા કૂતરાઓ ને પકડવા માટે તલાટીઓને આદેશ કર્યો છે. જે આદેશનો પરિપત્ર પણ તલાટીઓ ને મળી ગયેલ છે. તેમ છતાં હજુ સુધી ગામડાઓમાં તલાટીઓ ધ્વારા રખડતા કૂતરા પકડવાની કામગીરી શરૂ કરાઈ નથી.જેના કારણે રખડતા કૂતરાઓ નો ત્રાસ પણ યથાવત રહેવા પામ્યો છે.ત્યાં બીજીબાજુ ગામડાઓ માં કેટલાક લોકો કૂતરાઓ કરડવાના અસંખ્ય બનાવો, અમુક વ્યક્તિને અથવા પશુ ને કૂતરાના કરડવાથી હડકવા ચડવાના બનાવો થી પણ લોકો હેબતાઈ ગયા છે.અને કૂતરાઓ નો ભય ઊભો થવા પામ્યો છે.ત્યારે હાલ માં તલાટીઓ ને SIR ની કામગીરી માં BLO તરીકે તો વળી કૃષિ સહાય ની કામગીરી પણ ચાલતી હોય તલાટીઓ પાસે કૂતરા પકડવાનો સમય ક્યાંથી હોય. તલાટીઓ ને કુતરા પકડવાની તાલીમ પણ અપાઈ નથી. જેથી તાલીમ વિના કૂતરા પકડવા જોખમી પણ લાગી રહ્યા છે. જેથી તલાટીઓ એ ડભોઈ તાલુકાના ગ્રામ્ય વિસ્તારો માં હાલ સુધી કૂતરા પકડવાની કામગીરી શરૂ કરેલ નથી.

સંપૂર્ણપણે ઉખડી ગયેલા રોડ

# નર્મદા કેનાલનો રોડ બન્યોમરણપથારી' બિસ્માર રસ્તાઓથી વાહનચાલકો ત્રાહિમામ

**હાલાકી** | સમયનો વ્યય અને પેટ્રોલનો બગાડ : કમરના દુખાવાની ફરિયાદો

•ફકીરા ખત્રી ડભોઈ



તાત્કાલિકરિપેરિંગની માંગ ડભોઇ તાલુકામાંથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલ પરના સર્વિસ રોડની હાલત અત્યંત જર્જરિત બની ગઈ છે. ચોમાસું સમાપ્ત થયાના લાંબા સમય પછી પણ નર્મદા નિગમના અધિકારીઓ દ્વારા આ રોડનું રિપેરિંગ કાર્ય શરૂ ન કરાતા, ઠેર-ઠેર ઊંડા ખાડાઓ અને ઉખડી ગયેલા રોડના કારણે વાહનચાલકો અને ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ખાડા-કપચીથી ભરેલા રોડ: અકસ્માતનો ખતરોડભોઇ તાલુકાના વિવિધ ગામોને જોડતા અને ટૂંકા માર્ગ તરીકે ઉપયોગમાં લેવાતા આ નર્મદા કેનાલના રોડની હાલત ખૂબ જ દયનીય છે. મુખ્યત્વે, નીચેની સમસ્યાઓ જોવા મળી રહી છે:રોડ પર ઠેર-ઠેર વિશાળ અને ઊંડા ખાડાઓ પડી ગયા છે, જેના કારણે દ્વિ-ચક્રીય વાહનોના ચાલકોને ગંભીર ઈજા થવાનો કે અકસ્માત થવાનો સતત ભય રહે છે.: કેનાલના અમુક વિસ્તારોમાં રોડ પરની કપચી અને ડામર સંપૂર્ણપણે ઉખડી ગયા છે, અને માત્ર માટીનું જ સ્તર બાકી રહ્યું છે, જેના કારણે ધૂળની ડમરીઓ ઉડે છે અને વાહન ચલાવવું લગભગ અશક્ય બની ગયું છે.રોડની ધૂળ અને ડમરીઓ: ખરાબ રોડના કારણે ઉડતી ધૂળ રાહદારીઓ અને નજીકના ખેતરો માટે પણ મોટો પ્રદૂષણનો પ્રશ્ન બની ગઈ છે.ચોમાસું ગયું, પણ નિગમ'ની નિંદ્રા ન તૂટીસામાન્ય રીતે, રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચોમાસું પૂર્ણ થતાં જ તત્કાળ ધોરણે રોડ-રસ્તાઓના રિપેરિંગ અને 'પેચ વર્ક (ખાડા પૂરવાનું કામ) શરૂ કરવામાં આવે છે. પરંતુ, ડભોઈમાં નર્મદા નિગમ હસ્તકના આ રોડ માટે આ પ્રકારની કોઈ તત્પરતા જોવા મળી નથી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, ચોમાસું પૂરું થયાને મહિનાઓ વીતી ગયા હોવા છતાં, નર્મદા નિગમના સંબંધિત અધિકારીઓ દ્વારા આ બિસ્માર રોડની મરામત માટે કોઈ નક્કર કામગીરી હાથ ધરવામાં આવી નથી. અધિકારીઓની આ બેદરકારી ઉદાસીનતાનો સીધો ભોગ સામાન્ય જનતા બની રહી છે. ખેડૂતોને વાહનચાલકોની વેદના: તાત્કાલિક ખાડા પૂરવાની માંગઆ માર્ગનો ઉપયોગ કરતા વાહનચાલકો અને ખેડૂતો આસપાસના ગામોના રહેવાસીઓમાં નર્મદા નિગમ પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખરાબ રોડના કારણે વાહનની ગતિ ધીમી કરવી પડે છે, જેનાથી સમયનો વ્યય થાય છે અને વાહનોને નુકસાન પહોંચે છે. આ માર્ગ પરથી નિયમિતપણે પસાર થતા લોકોને રોડના

આધુનિક પંચાયત ભવનની તાતી માંગ

# ડભોઈના ફરતીકુઈમાં 'સચિવાલય' સમાન પંચાયત ભવન જોખમી છતના પોપડા ખરતા જીવનું જોખમ

**જોખમી પંચાયત** | ડબલ એન્જિનની સરકાર હોવા છતાં આ પરિસ્થિતિ ?

•ફકીરા ખત્રી ડભોઈ



ડભોઈ તાલુકાના ફરતીકુઈ ગામે આવેલું ગ્રામ પંચાયતનું મકાન વર્ષો જૂનું અને અત્યંત જર્જરિત બની ગયું છે, જેના કારણે અહીં કામ કરતા તલાટી સહિત ગ્રામજનોના જીવ પર જોખમ તોળાઈ રહ્યું છે. આ 'સ્થાનિક સ્વરાજ્યનું સચિવાલય' ગણાતું ભવન હવે સુવિધાને બદલે અસુરક્ષાનું કેન્દ્ર બની ગયું છે, જેને પગલે ગામલોકોએ તાત્કાલિક ધોરણે નવા અને સુવિધાયુક્ત પંચાયત ભવનની માંગ કરી છે મોતની દહેશતઃ છતમાંથી સળિયા ડોકાયા, પોપડા સતત ખરી રહ્યા છે ફરતીકુઈની ગ્રામ પંચાયતની હાલત એટલી ખરાબ છે કે, છાશવારે છત અને દીવાલોમાંથી મોટા પોપડા ખરી રહ્યા છે. ચોમાસામાં પાણી ટપકવાની સમસ્યા તો સામાન્ય છે, પરંતુ હવે તો જર્જરિત છતમાંથી લોખંડના સળિયા પણ સ્પષ્ટ ડોકાઈ રહ્યા છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, પંચાયત મકાનને વર્ષોના વહાણા વીતી ગયા છે અને તેની મરમ્મત શક્ય નથી. ગમે ત્યારે કોઈ મોટી જીવલેણ હોનારત સર્જાય તેવી દહેશત ઊભી થવા પામી છે.

પંચાયત તમામ સરકારી કામો, યોજનાઓ અને દસ્તાવેજોનો આધારસ્તંભ છે, અને તેનું જ મકાન જોખમી હોય તો વહીવટી કાર્ય કેવી રીતે થાય જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ મૌખિક રજૂઆત સ્થાનિક પરિસ્થિતિની ગંભીરતા જોતાં ગામના અગ્રણી રમણીકભાઈ મકવાણાએ વડોદરા જિલ્લા વિકાસ અધિકારી (DDO) મમતા હિરપરાને આ મામલે મૌખિક રજૂઆત કરી હતી. DDO મમતા હિરપરાએ પરિસ્થિતિની ગંભીરતાની નોંધ લઈને યોગ્ય કાર્યવાહી કરવાની બાહેધરી પણ આપી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગ્રામજનોની ઈચ્છા છે કે, આ જર્જરિત પંચાયતની જગ્યાએ ફર્નિચર, વાઈફાઈ (Wi-Fi) જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ નવું ગ્રામ પંચાયતનું મકાન બને.આધુનિક યુગમાં, ગ્રામ પંચાયત એ ગામડાના લોકો માટે સચિવાલય સમાન છે. અહીં જન્મ-મરણના દાખલાથી લઈને આયુષ્યમાન કાર્ડ, જમીનના ઉતારા, વિધવા પેન્શન અને લગ્ન નોંધણી સુધીના તમામ મહત્ત્વના સરકારી કામો ઘર આંગણે પૂરા થાય છે. સુવિધાયુક્ત પંચાયત ભવનથી સમય અને નાણાંનો વેડફાટ અટકાવી શકાય છે

વર્તમાન કેન્દ્ર અને રાજ્ય સરકાર સંસદથી લઈને પંચાયત સુધી સુદ્રઢ, સરળ અને સુવિધાયુક્ત વહીવટ માટે કટિબદ્ધ છે, ત્યારે ગામડાના વિકાસનું નક્કર આયોજન કરતી અને સરકારી યોજનાઓનું અમલ કરતી ગ્રામ પંચાયતનું મકાન પણ સુસજ્જ હોવું અનિવાર્ય છે.સમગ્ર ડભોઈ તાલુકામાં વિકાસની ગતિ તેજ થઈ રહી છે, ત્યારે ફરતીકુઈ ગામના લોકોએ પંચાયતી રાજની હિમાયત કરતી સરકાર સમક્ષ જોખમી મકાનને બદલે ત્વરિત નવા ગ્રામ પંચાયત ભવનની ફાળવણી કરીને ગામજાનોને રાહત થઈ શકે

# ભાજપ સરકારે ગુજરાતને 'શાળા બહારના બાળકો'ના આંકડામાં દેશમાં નંબર-૧ બનાવ્યું

•અમદાવાદ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા એ આજે સંસદમાં જાહેર કરાયેલા સત્તાવાર આંકડાઓનો હવાલો આપીને ભાજપ સરકાર પર સૌથી મોટો પ્રહાર કર્યો છે. કેન્દ્ર સરકારે આપેલ આંકડા મુજબ ૨.૪૦ લાખ થી વધુ બાળકો શાળા બહાર છે એટલે કે આઉટ ઓફ સ્કૂલ છે.તેમણે જણાવ્યું કે કરોડો રૂપિયાના ભંડોળ છતાં, રાજ્યનું શિક્ષણતંત્ર પડી ભાંગ્યું છે, જે ૨.૪ લાખ બાળકોનું ભવિષ્ય બરબાદ કરી રહ્યું છે.ભાજપ સરકાર વિકાસના નામે માત્ર આંકડાઓની માયાજાળ રચે છે. જે રાજ્યની સરકાર એક જ વર્ષમાં શાળા બહારના બાળકોની સંખ્યામાં ૩૪૧%નો વધારો થવા દે, તે રાજ્ય 'વિકાસ' નહીં, પણ 'વિનાશ'ના પંથે છે. ગુજરાતનું શિક્ષણ 'ગુજરાત મોડેલ'ના ભાર નીચે કચડાઈ ગયું છે!

કોંગ્રેસ પક્ષ સત્તાવાર ડેટાની તુલના કરીને ભાજપ સરકારની નિષ્ફળતાને ઉજાગર કરે છે. વર્ષ ૨૦૨૪ -૨૫ માં શાળા બહાર બાળકોની સંખ્યા ૫૪,૪૫૧ તે વર્ષ ૨૦૨૫ -૨૬ માં વધી ને ૨૪૦૮૦૯ થઈ ગઈ છે જે ટકાવારી મુજબ ૩૪૧%નો વિસ્ફોટક ઉછાળો છે. બેટી પઢાવો ના નારા હેઠળ ૧૦૫૦૨૦ કિશોરીઓ out of school એટલે શાળા બહાર છે તે આંક ભાજપ સરકારની નિષ્ફળતા સૂચવે છે. દેશમાં સહુ થી વધું શાળા બહાર કિશોરીઓ ગુજરાતમાં છે. દેશમાં વર્ષ ૨૦૨૫-૨૬માં ગુજરાત રાજ્યે ૨.૪ લાખ શાળા બહારના બાળકો સાથે દેશમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. ગુજરાત પછી આસામ (૧,૫૦,૯૦૬) અને ઉત્તર પ્રદેશ (૯૯,૨૧૮) આવે છે. આનાથી સ્પષ્ટ થાય છે કે શિક્ષણ ક્ષેત્રે ગુજરાત આજે પછાત રાજ્યોની હરોળમાં નહીં, પણ સૌથી ખરાબ સ્થિતિમાં પહોંચી ગયું છે.

ભારત દેશમાં કુલ શાળા બહાર બાળકોની કુલ સંખ્યામાં થી ૨૮% થી વધુ બાળકો ગુજરાત થી છે. ભારતમાં કુલ શાળા બહાર વિદ્યાર્થીઓની સંખ્યા ૮૪૯૯૯૧ છે. સમગ્ર શિક્ષા યોજના હેઠળ ફાળવાયેલા જંગી ભંડોળનો ઉલ્લેખ કરીને ગેરવહીવટનો સ્પષ્ટ આક્ષેપ કર્યો છે. વર્ષ ૨૦૨૪ -૨૫ ખર્ચ મુજબ ગુજરાત રાજ્યનો સમગ્ર શિક્ષા યોજના હેઠળ કુલ ખર્ચ ૨૧૯૯૮૪.૭૫ લાખ એટલે ૨૧૯૯ કરોડ થી વધુ રકમ થાય છે ત્યારે આટલા મોટા બજેટ છતાં ડ્રોપઆઉટનો ગ્રાફ કેમ આસમાને પહોંચ્યો?રૂ. ૨૧૯૯ કરોડનું બજેટ શિક્ષણને મજબૂત કરવા માટે ખર્ચાયું છતાં બાળકો શાળા છોડી રહ્યા હોય, શિક્ષકોની જગ્યા ખાલી હોય અને વર્ગખંડોની ઘટ હોય, તો આ બજેટ ક્યાં 'ખર્ચ' થયું? આ પૈસા ક્યાંક બીજે જઈ રહ્યા છે, જે સ્પષ્ટપણે ભ્રષ્ટાચાર અને નાણાકીય ગેરવહીવટ સૂચવે છે. આ માત્ર વહીવટી નિષ્ફળતા નથી.આ ૨.૪ લાખ બાળકોના ભવિષ્યને બરબાદ કરવા બદલ સરકારની ગુનાહિત બેદરકારી છે.

સરકારે સમગ્ર શિક્ષા યોજના હેઠળ ખર્ચાયેલા રૂ. ૨૧૯૯ કરોડ સહિતના તમામ ભંડોળનો એક-એક પૈસાનો વિગતવાર હિસાબ આપતું શ્વેતપત્ર (White Paper) તાત્કાલિક જાહેર કરવું જોઈએ. ૨.૪ લાખ બાળકોને શાળામાં પાછા લાવવા માટે, સખત મોનીટરિંગ સાથેનું 'મિશન પુનઃપ્રવેશ' અભિયાન તાત્કાલિક શરૂ કરવું જોઈએ. ગુજરાતના યુવાનોનું ભવિષ્ય ભાજપના શાસનમાં અંધકારમાં ધકેલાઈ રહ્યું છે. કોંગ્રેસ પક્ષ આ ૨.૪૦ લાખ ડ્રોપઆઉટના મુદ્દે ભાજપના 'શિક્ષણ કૌભાંડ'નો હિસાબ લેશે.

# શ્રી કે.બી.દેસાઈ અર્બુદા સ્કૂલ દ્વારા ધોરણ ૧૦ના વિધાર્થીઓ માટે માર્ગદર્શન સત્રનું આયોજન



• અમદાવાદ

શ્રી કે. બી. દેસાઈ અર્બુદા સ્કૂલ દ્વારા ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે બોર્ડ પરીક્ષાની અસરકારક તૈયારીને ધ્યાનમાં રાખીને વિશેષ શૈક્ષણિક સત્રોનું આયોજન કરવામાં આવ્યું. આ સત્રોનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વિષયપ્રત્યેની સ્પષ્ટ સમજણ વિકસાવવી, યોગ્ય અભ્યાસ પદ્ધતિઓનો પરિચય કરાવવો અને આવનારી પરીક્ષાઓ પ્રત્યે આત્મવિશ્વાસ ઊભો કરાવવાનો હતો.આ માર્ગદર્શન કાર્યક્રમનું સંચાલન હિંમતનગરની તપોવન સ્કૂલના ટ્રસ્ટી કૃષ્ણવદન પરમાર તથા અનુભવી શિક્ષક શ્રી તેજસ સર દ્વારા કરવામાં આવ્યું.

બંને નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને મહત્વપૂર્ણ મુદ્દાઓ સરળ ભાષામાં સમજાવી, અસરકારક રસપ્રદ ઉદાહરણો સાથે સ્ટડી ટેકનિક્સ શીખવી અને બોર્ડી પરીક્ષામાં સારા પરિણામ માટે જરૂરી માનસિક તૈયારી અંગે વિગતવાર માહિતી આપી. વિદ્યાર્થીઓએ ઈન્ટરેક્ટિવ અને ખ્યાલ-કેન્દ્રિત સત્રોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ચર્ચા, પ્રશ્નોત્તરી અને પ્રતિભાવ આધારિત પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓએ પોતાના પ્રશ્નો પૂછીને માર્ગદર્શન મેળવ્યું.

સત્રો દરમિયાન અભ્યાસનું આયોજન, રિવિઝન સ્ટ્રેટેજી, સમયનું યોગ્ય મેનેજમેન્ટ અને પરીક્ષા સમયે ધ્યાન કેન્દ્રિત રાખવાની રીતો જેવી ઉપયોગી બાબતો પર ભાર મૂકાયો.શ્રી કે. બી. દેસાઈ અર્બુદા સ્કૂલ વર્ષોથી વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ માટે આવા રચનાત્મક પ્રયાસો કરતી આવી છે અને આગળ પણ પરિણામ મુખી શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ તરફ પ્રોત્સાહિત કરતી રહેશે.

# ભરૂચમાં VHP-બજરંગદળનો 'શૌર્યયાત્રા-ત્રિશૂળ દીક્ષા સમારોહ ' સંપન્ન



•ભરત મિસ્ત્રી, ભરૂચ

ભરૂચ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને બજરંગદળ (બજરંગ દળ) દ્વારા આયોજિત 'શૌર્યયાત્રા-ત્રિશૂળ દીક્ષા સમારોહ' સફળતાપૂર્વક સંપન્ન થયો. બપોરે ૦૩:૦૦ કલાકે અંબેમાતા વિદ્યાલય પાસે, બંબાખાના, વેજલપુર ખાતે આયોજિત આ ધાર્મિક અને સંસ્કારલક્ષી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હિન્દુ યુવાનો જોડાયા હતા.આ સમારોહનો મુખ્ય હેતુ હિન્દુ સમાજના યુવાનોને સુશિક્ષિત, સમરસ અને સંગઠિત કરી, તેમને સનાતન હિન્દુ ધર્મની સંસ્કૃતિ, સંતો, મંદિરો, ગૌ-માતા, બહેન-દીકરીઓ તથા સમગ્ર હિન્દુ સમાજના રક્ષણ અને ધર્મની ઉન્નતિ માટે કટિબદ્ધ કરવાનો હતો. આ કાર્યક્રમમાં યુવાનોને ધર્મની રક્ષા, તેમજ 'લવ જેહાદ' જેવા સામાજિક મુદ્દાઓ અંગે જાગૃત કરવા અને પ્રેરિત કરવામાં આવ્યા હતા. મુખ્ય વક્તા અને આશીર્વચનકાર્યક્રમમાં દક્ષિણ ગુજરાતના સેવા પ્રમુખ શ્રી હિતેશભાઈ જૈન (એડવોકેટ) મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતા.સંત-ગણ આશીર્વચન માટે પ.પૂ. ૧૦૦૮ સ્વામી લોકેશાનંદજી મહારાજ, સંસ્થાપકઃ ત્રિગુણાતીત ધ્યાન સેવા આશ્રય, કુકરવાડા, ભરૂચ, અને સંગઠન મંત્રીઃ દક્ષિણ ગુજરાત અખિલ ભારતીય સંત સમિતિ) ઉપસ્થિત રહ્યાં હતા અને યુવાનોને પાવન આશીર્વાદ પાઠવ્યા હતા.કાર્યક્રમમાં 'શૌર્ય સંચલન' અને 'ત્રિશૂળ દીક્ષા'નું આયોજન કરવામાં આવ્યું હતું, જે હિન્દુ યુવાનોમાં સંસ્કાર અને શૌર્યના ભાવને મજબૂત કરવા માટે એક પ્રેરક પગલું હતું.ભરૂચ તેમજ વેજલપુર પ્રખંડના હિન્દુ યુવાનોએ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પોરબંદરના ઘેડ માં અત્યારે ઘઉ ,ચણા ના વાવેતર સમયે યુરિયા કે ડીએપી ખાતર મળતું નથી :: ખેડૂત અગ્રણી

# પોરબંદરના ઘેડ પંથક ખેડુતોને રવિ સીઝન ટાણે જ યુરિયા અને ડીએપી ખાતર ની તંગી

• વિરમભાઈ કે. આગઠ



ગુજરાત સરકારમાં રવિ સીઝન માં ખેડૂતોને ઘઉં, ચણાના વાવેતર કરવા માટે યુરિયા તેમજ ડીએપી ખાતરની પોરબંદર જિલ્લાના ખેડૂતો માટે સમયસર પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે પોરબંદર જિલ્લા આમ આદમી પાર્ટીના મહામંત્રી અને ખેડૂત અગ્રણી હિતેશભાઈ નાગાભાઈ મોઢવાડિયાએ અખબારી માધ્યમ દ્વારા માંગણી દોહરાવી હતી. પરંતુ સરકાર દ્વારા કોઈ દરકાર ન કરતા અત્યારે પોરબંદર પંથક માં અને તેમાં પણ ઘેડ વિસ્તારમાં અત્યારે યુરિયા તેમજ ડીએપી ખાતર મળતું નથી. જેના કારણે ઘેડ વિસ્તારમાં ખેડૂતો ને ખાતર મળવું દોહ્યલું બનતા ભારે મુસીબતમાં ખેડૂતો મુકાય ગયા છે પોરબંદર જિલ્લા આમ આદમી પાર્ટીના મહામંત્રી અને ખેડૂત અગ્રણી હિતેશભાઈ નાગાભાઈ મોઢવાડિયા સમક્ષ નવાગામ (રાજપર), ગોરસર, માધવપુર સહિતના ખેડૂતોની મળેલ ફરિયાદો અંગે પોરબંદર જિલ્લામાં બરડા અને ઘેડ વિસ્તારમાં રવિ મોસમમાં ચણા ઘઉં તેમજ અન્ય ફસલનું વાવેતર થઈ રહ્યું છે ત્યારે વાવેતરમાં પહેલા યુરિયા અને ડીએપી ખાતરની ખાસ આવશ્યકતા રહેલી છે. પરંતુ ખેડૂતોની કમ નસીબી એ છે કે દર વખતે સિઝનમાં ખેડૂતોને પૂરતા પ્રમાણમાં યુરિયા તેમજ ડીએપી ખાતરની ઉપલબ્ધિ મળતી નથી અને દર વર્ષે ખેડૂતોને વાવેતરના સમય દરમિયાન પૂરતા પ્રમાણમાં ખાતર ન મળવાથી ખેડૂતોને ભારે મુશ્કરીનો સામનો કરવો પડે છે.

સરકાર દ્વારા માટે ઉપાડે અખબારી અહેવાલો માં આપે છે કે પોરબંદર માં પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ છે પરંતુ વાસ્તવિકતા અલગ છે ઘેડ માં દશેક દિવસ પહેલા માત્ર એક ગાડી માધવપુર ખાતે આવેલી જે શું? ઘેડ ના ૨૨ ગામડામાં પૂરતા પ્રમાણમાં ખાતરનું વિતરણ થાય ? અત્યારે ખેડૂતોને તેમના જમીનમાં કરાયેલ વાવેતર કરવા પાયામાં નાખવા યુરિયા ડીએપી પૂરતા પ્રમાણમાં ખાતર મળતું નથી અને શરૂઆતમાં જરૂરિયાત ની સામે પૂરતા પ્રમાણમાં ખાતરનું વિતરણ કરાતું નથી. જેના કારણે રવિ સિઝનમાં ખેડૂતોને ખાધા પીધા વગર પાકનું વાવેતર કરવા ખાતર મેળવવવા આમથી તેમ ભટકી ભારે મુશ્કેલી ભોગવેલી પડે છે છતાં પૂરતા પ્રમાણમાં ખાતર ન મળવાથી ખેડૂતો વાવેતર પણ કરી શકતા નથી. આ પંથકમાં જિલ્લા અને તાલુકા ની ચૂંટણી ઓ ટાણે મોટા મોટા વચનોની લહાણી કરી વિજેતા બન્યા બાદ ખેડૂતોની સમસ્યા સમયે કોઈ નજર આગળ ન આવતા ખેદજનક વાસ્તવિકતા જણાવી ખરા સમયે ઘેડ વિસ્તારમાં સમયસર જોઈતા પ્રમાણમાં યુરિયા અને ડીએપી ખાતર નો જથ્થો સરકારે સરકારી ડેપો તેમજ સરકારી રાહે વિતરણ કરાતી સંસ્થાઓ કે દુકાનોમાં પૂરતા પ્રમાણમાં જથ્થો ફાળવવા ખેડૂતો વતી બુલંદ માંગ કરી છે ખેડૂત અગ્રણી હિતેશ ભાઈ મોઢવાડિયાએ જણાવેલ કે ખેડૂતોને ખાતર લેવા આ સરકાર ખેડૂતોને લાઈનમાં ઊભા રાખવા ન રાખવા માગતી હોય અને હેરાન ન કરવા માંગતી હોય તો સરકારે આ ચાલુ રવિ સિઝન ના વાવેતરમાં ખેડૂતોને પૂરતા પ્રમાણમાં યુરિયા તેમજ ડીએપી ખાતર મળી રહે તેવો પ્રબંધ કરવો જોઈએ. તેમ ખેડૂત અગ્રણી હિતેશભાઈ મોઢવાડિયા જણાવેલ છે

# લખતરમાં પાણી વિતરણ સમયે રહીશો દ્વારા પાણી વ્યાપક વેડફાટ

લખતર : લખતર શહેરમાં પાણી વિતરણ દરમિયાન અનેક વિસ્તારોના રહીશો દ્વારા પાણીનો બેફામ વેડફાટ કરવામાં આવે છે. પાણી ખુલ્લામાં ઢોળવું અને કપડાં ધોયેલું પાણી જાહેર રોડ પર વહેવડાવવાના કારણે રસ્તાઓ અને માર્ગો પર સતત પાણી ભરાયેલું રહે છે. રસ્તા પર ભરાયેલા પાણીના કારણે માખી-મચ્છરનો ઉપદ્રવ વધી રહ્યો છે, જેને લીધે શહેરમાં રોગચાળો ફેલાવવાની દહેશત સેવાઈ રહી છે. રહીશો દ્વારા પાણીના બગાડ ઉપરાંત, મુખ્ય બજારમાં વાસ્મોની લાઇન લીકેજ થવાથી પણ મોટા પ્રમાણમાં પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. રોડ પર પાણી ફરી વળવાથી રાહદારીઓ, વિદ્યાર્થીઓ અને સિનિયર સિટીઝન સહિત તમામને અવરજવરમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, જેનાથી તંત્ર સામે નારાજગી



જોવા મળી રહી છે. તંત્ર દ્વારા પાણીનો ગેરકાયદેસર ઉપયોગ અને બગાડ રોકવા માટે ખાસ ડ્રાઈવનું આયોજન કરવા રહીશોમાં માંગ ઉઠી છે.

# સિધ્ધપુર તાલુકાના ખોલવાડાથી માળીપુરા સુધીના નવીન રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

સિદ્ધપુર તાલુકાના ખોલવાડા ગામમાં એક મહત્વપૂર્ણ વિકાસકાર્યની શરૂઆત થઈ છે. રૂ. ૧૭૫ લાખના ખર્ચે બનનાર રોડનું શુભ ખાતમુહૂર્ત માન. ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના હસ્તે સંપન્ન થયું.ધારાસભ્ય જણાવ્યું કે ,આ રોડના નિર્માણથી ખોલવાડા ગામ અને માળીપુરા નદી આસપાસના વિસ્તારને મોટા ફાયદા મળશે. પરિવહન સુવિધાઓમાં સુધારો થશે, ગ્રામજનોને રોજિંદા જીવનમાં સરળતા મળશે અને ખેતી-વ્યવસાય માટેના માર્ગ વધુ સુલભ બનશે. આ માર્ગ ગામના સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ કડી સાબિત થશે.આ પ્રસંગે દિલીપજી ઠાકોર, ગોપાલજી રાજપુત, મહેન્દ્રભાઈ પરમાર, વિષ્ણુભાઈ પટેલ, વિક્રમસિંહ ઠાકોર, અશોકભાઈ પટેલ, લાખાભા દેસાઈ સંગઠનના હોદ્દેદારો તેમજ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા



### રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના કાગવડ ખોડલધામ ખાતે

# ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તેમજ 4 લેઉવા પટેલ સમાજના મંત્રીઓના સન્માન સમારોહનો કાર્યક્રમ યોજાયો

**સન્માન** | અગ્રણીઓ દ્વારા મોટા મને ખેડૂતોની મદદ કરવામાં આવી



રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના કાગવડ ખોડલધામ ખાતે આજરોજ ખોડલધામ ટ્રસ્ટ દ્વારા ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તેમજ ભુપેન્દ્ર પટેલની સરકારમાં મંત્રી રહેલા હાલ 4 લેઉવા પટેલ સમાજના વ્યક્તિઓના સન્માન સમારોહનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, કાર્યક્રમના અધ્યક્ષ પદે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રહ્યા હતા, ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તેમજ લેઉવા પટેલ સમાજમાંથી આવતા મંત્રી જીતુ વાઘાણી, કમલેશ પટેલ તેમજ કૌશિક વેકરીયાનું સન્માન કરવામાં આવ્યું હતું,મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સૌપ્રથમ કાગવડ ખોડલધામ ખાતે મા ખોડલના દર્શન કર્યા હતા,તેમજ ત્યારબાદ સાફા પહેરેલી 121 દીકરીઓ દ્વારા તેમનું ભવ્યાતી ભવ્ય સ્વાગત પણ કરવામાં આવ્યું હતું,ખોડલધામ મંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ સંબોધન કરતા કહ્યું હતું કે, ખોડલધામ ખાતે મા ખોડલ સાક્ષાત ઉભા હોય તેવું લાગી રહ્યું છે, અહીંયા જે કોઈપણ વ્યક્તિ મા પાસે જે માંગે તે અરજ મા પૂરી કરે છે,દર વર્ષે અહીંયા હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ આવે છે,અહીંયા માત્ર પાટીદાર જ નહીં પરંતુ સૌરાષ્ટ્ર અને ગુજરાત ભરના માઈ ભકતો પણ આવે છે,નરેશ પટેલ અને તેમની ટીમ આરોગ્યના હિમાયતી બન્યા છે,દર્દી નારાયણ માટે આગામી સમયમાં ખોડલધામ ટ્રસ્ટ દ્વારા કેન્સર હોસ્પિટલનું પણ નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

મનસુખ માંડવીયાએ લેઉવા પટેલ સમાજમાંથી આવતા ચાર જેટલા ધારાસભ્યોને મંત્રી પદ આપવા બદલ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર વ્યકત કર્યો હતો,તો સાથે જ કહ્યું હતું કે, આજે ખોડલધામ થી એક સંદેશો જઈ રહ્યો છે,જે સારું કામ કરશે તેની સાથે ખોડલધામ રહેશે,તો ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ નરેશ પટેલની સરખામણી સરદાર પટેલ સાથે કરી હતી,જગદીશ વિશ્વકર્માએ સંબોધનમાં જણાવ્યું હતું કે, જેવી રીતે સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા 562 રજવાડાઓને એક કરવાનું કામ કર્યું હતું,તેવી રીતે લેઉવા પટેલ સમાજને એક કરવાનું કામ ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ દ્વારા કરવામાં આવી રહ્યું છે, એગ્રીકલ્ચર, ટેક્સ ટાઈલ્સ, બાંધકામ, શૈક્ષણિક તેમજ ઉદ્યોગ સહિતના ક્ષેત્રોમાં લેઉવા પટેલ સમાજનુ યોગદાન મોટા પ્રમાણમાં છે.

કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ સન્માન સમારોહના કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં પડેલા કમોસમી વરસાદના કારણે સરકાર દ્વારા ખેડૂતોને વળતર પેટે 10 હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે,જે પૈકી અત્યાર સુધીમાં 2200 કરોડ રૂપિયા ખેડૂતોના ખાતામાં જમા થઈ ચૂક્યા છે, ખોડલધામ દ્વારા સમાજના અગ્રણીઓને ખેડૂતોની વ્હારે આવવાની અપીલ કરતાં અગ્રણીઓ દ્વારા મોટા મને ખેડૂતોની મદદ કરવામાં આવી છે.

### સાંસદ મનસુખ વસાવાનો ગંભીર આક્ષેપ

# નર્મદા જિલ્લામાં થયેલા બે મોટા રાષ્ટ્રીય કાર્યક્રમમાં 50 લાખ અને 75 લાખનો તોડ કરવા આપના મોટા નેતા ગયા હતા

**ખળભળાટ મચ્યો** | પત્રકાર પરિષદમાં સાંસદ મનસુખ વસાવાએ નામ લીધા વગર ચૈતર વસાવા પર કર્યા ગંભીરમોટા આક્ષેપ

• દીપક જગતાપ, રાજપીપલા

આપના નેતા ટીમો બનાવી અધિકારીઓને તતડાવી મોટાપાયે ભ્રષ્ટાચાર કરી તોડપાણી કરે છે સાંસદ મનસુખ વસાવાએ કરેલા આક્ષેપ મુજબ ભાજપના અને આપના કેટલાક નેતાઓ મળેલા છે આ બાબતે મનસુખ વસાવા એ પ્રેસ કોન્ફરન્સ કરી પ્રદેશ અને રાષ્ટ્રીય લેવલે ફરિયાદ કરવાનું જણાવ્યું. આપના નેતાઓ અને એમની ટીમ સરકારની મિટિંગોમાં કરેલા કામોની તપાસ માંગે છે એજન્સીઓ, કોન્ટ્રાકટ રોના નંબરો માંગી લાખો ની તડજોડ કરે છે - સાંસદ નર્મદા આપના જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાના ના ભાઈ દારૂના કેસમાં ઝડપાયાના સમાચાર પછી નર્મદા ભાજપ પ્રમુખે પત્રકાર પરિષદ બોલાવી નિરંજન વસાવા અને આપ પાર્ટી સામે આકરા પ્રહારો કર્યા બાદ હવે આજે કમલમ નર્મદા ખાતે સાંસદ મનસુખ વસાવાએ પત્રકાર પરિષદ બોલાવી હતી. સાંસદ મનસુખ વસાવાએ નામ લીધા વગર ચૈતર વસાવા પર ગંભીર મોટા આક્ષેપ કરતાં ખળ ભળાટ મચી ગયો હતો. આક્ષેપ સાથે ભાજપ આપ અને કોંગ્રેસના નેતાઓ પર સાંસદ રીતરસના વરસ્યા હતા. સાંસદે જણાવ્યું હતું



કેઆપના નેતાઓ હંમેશા કાર્યક્રમમાં થતા ખર્ચ વિશે માહિતી મેળવી ખોટો હોબાળો કરી અધિકારીઓને તતડાવે છે.આપના નેતાઓ મોટા તોડ કરવાનું કામ કરે છે. સાંસદ મનસુખ વસાવાએ ચોકાવનારી માહિતી આપતાં જણાવ્યું હતું કે જિલ્લામાં થયેલા બે મોટા રાષ્ટ્રીય કાર્યક્રમમાં 50 લાખ અને 75 લાખનો તોડ કરવા આપના મોટા નેતા ગયા હતા.મનસુખ વસાવાના ગંભીર આક્ષેપથી ભરૂચ નર્મદાનું રાજકારણ ગરમાયું છે. આપના નેતા ટીમો બનાવી અધિકારીઓને તતડાવી મોટાપાયે ભ્રષ્ટાચાર કરી તોડપાણી કરે છે. એવો આક્ષેપ પણ કર્યો હતો. સાંસદ મનસુખ વસાવાએવધુ એક ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે ભાજપના અને આપના કેટલાક નેતાઓ મળેલા છે.ભાજપ આપના નેતાઓ મળી તોડ પાણી કરે છે. એમ જણાવી ભાજપ આપ બન્ને ને ચોકાવી દીધાં હતા. આ બાબતે મનસુખ વસાવા એ પ્રેસ કોન્ફરન્સ કરી આ બાબતે પ્રદેશકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ ફરિયાદ કરવાનું જણાવ્યું હતું સાંસદે વધુમાં જણાવ્યું કે આ બાબતે ભાજપના આમ આદમી પાર્ટીના કે અન્ય મારી સાથે ફરનારા પણ જે કોઈ હશે તો તેમને છોડવામાં નહીં આવે. નર્મદા જિલ્લામાં આમ આદમી પાર્ટી ભાજપ અને કોંગ્રેસ મીલી ભગતથી ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાની ચોકાવનારી વિગતો મીડિયા સમક્ષ આપી હતી. એમની પ્રવૃત્તિઓનો પર્દાફાસ કરતાં જણાવ્યું હતું કે આપના નેતાઓ અને એમની ટીમ સરકારની મિટિંગોમાં કરેલા કામોની તપાસ માંગે છે,એજન્સીઓ, કોન્ટ્રાકટ રોના નંબરો માંગીએમની પાસેથી લાખોની તડજોડ કરતા હોવાની હકીકત જણાવી આ. પ્રવૃત્તિ બંધ થવી જોઈએ એમ જણાવ્યું હતું.

# રાજકોટમાં કલાક સુધી એર શો માણનાર લોકો દોઢ કલાક સુધી ટ્રાફિક જામમાં ફસાયા

રાજકોટ: અટલ સરોવર પાસે આજે યોજાયેલા એર શોને લોકોએ મનભરીને માણ્યો હતો. પરંતુ એર શો પુરો થયા બાદ ટ્રાફિકની અંધાધૂંધીને કારણે વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. એકાદ કલાક સુધી એર શો ચાલ્યો હતો. જેની સામે વાહનચાલકો કહે છે દોઢેક કલાક સુધી ટ્રાફિક જામમાં ફસાયેલા રહ્યા હતા.

શરૂઆતથી જ જંગી મેદની ઉમટી પડવાની ધારણા હતી. જે સાચી પડી હતી. આમ છતાં ટ્રાફિક બાબતે કોઈ વ્યવસ્થા નહીં કરાયાની ફરિયાદો ઉઠી છે. એર શો બાદ અટલ સરોવર આસપાસના તમામ વિસ્તારોમાં વાહનોના ખડકલા થઈ ગયા હતા. જેને કારણે ટ્રાફિક જામ સર્જાયો હતો. કટારિયા ચોકડીએ રસ્તો બંધ હોવાથી અને રૈયા ગામ પાસે સિંગલ પટ્ટીનો રોડ હોવાથી આ કારણોસર પણ ટ્રાફિક જામની સમસ્યા બેવડાઈ હતી.

જોકે ટ્રાફિક બ્રાંચના અધિકારીઓનું કહેવું છે કે તેમણે ટ્રાફિક જામ ન થાય તે માટે પુરતી વ્યવસ્થા કરી જ હતી. સવારથી જ ટ્રાફિક પોલીસ, ટીઆરબી અને હોમગાર્ડના મળી ૪૦૦ જવાનોને તહેનાત રખાયા હતા. જેમણે વાહનો બરાબર પાર્ક થાય તે સહિતની તમામ વ્યવસ્થાઓ જાળવી હતી.

પરંતુ બની શકે છે કે એર શો પુરો થયા બાદ તમામ લોકો એકસાથે રવાના થયા એટલે થોડો સમય કદાચ ટ્રાફિક જામ સર્જાયો હશે. વાહન ચાલકો ભલે ઘણો સમય ટ્રાફિક જામમાં અટવાયાની વ્યાપક ફરિયાદો હોય પરંતુ ટ્રાફિક બ્રાંચના અધિકારીઓનું કહેવું છે કે તેમના સ્ટાફે સારી વ્યવસ્થા જાળવી હતી ! તે સાથે જ ટ્રાફિક બ્રાંચના માણસો સાથે વાહન ચાલકોને બોલાચાલી થયાના વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા.

# ઈડરમાં દીપડાએ બે દિવસમાં બે ગલુડિયાનો શિકાર કર્યો,ઘટના સીસીટીવી કેમેરામાં કેદ

• દુર્ગેશ જયસ્વાલ ઈડર..

ઈડરના બારેલા તળાવ વિસ્તારમાં મયુર માર્બલ્સ પાસે દીપડાએ બે દિવસમાં બે ગલુડિયાનો શિકાર કર્યો હતો. જ્યારે એક ગલુડિયું ઈજાગ્રસ્ત થયું હતું. આ ઘટના સિસીટિવી કેમેરામાં કેદ થઈ માર્બલમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. ગુરુવાર, 4 ડિસેમ્બરની રાત્રે દીપડાએ બે ગલુડિયાનો શિકાર કર્યો હતો અને ત્યાંથી ભાગી ગયો હતો. મયુર માર્બલ્સના માલિક હરીશ કુમાવત સવારે સ્થળ પર પહોંચ્યા ત્યારે તેમને બે ગલુડિયા ગાયબ મળ્યા હતા, જ્યારે એક ગલુડિયું ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યું હતું.હરીશ કુમાવત ઈજાગ્રસ્ત ગલુડિયાને તાત્કાલિક પશુ દવાખાને લઈ જઈ સારવાર કરાવી હતી. બાકી રહેલા બચ્ચાઓની સુરક્ષા માટે તેમણે પાંજરું બનાવ્યું હતું. 5 ડિસેમ્બરે દીપડો ફરી મયુર માર્બલ્સ વિસ્તારમાં આવ્યો હતો. પરંતુ પાંજરાને કારણે આ વખતે ગલુડિયું બચી ગયું હતું.

# ભરૂચ SOG એ મેફેડ્રોન ડ્રગ્સ અને અફીણ સાથે આંતરરાજ્ય ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો

### ચાવજ ખાતેથી પ્રતિબંધિત માદક પદાર્થો સાથે રાજસ્થાનના ત્રણ ઇસમોની ધરપકડ



• ભરૂચ

ભરૂચ SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) ની ટીમે મોટી કાર્યવાહી કરીને મેફેડ્રોન ડ્રગ્સ અને અફીણના જથ્થા સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડી આંતરરાજ્ય ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. SOG ટીમને બાતમી મળી હતી કે ભરૂચના ચાવજ ગામની સીમમાં આવેલ 'અનુજ રેસિડેન્સી'ના ફ્લેટ નંબર એ-૩૦૪ માં ભાડે રહેતા શ્રવણકુમાર બિશ્નોઈ અને મહિપાલ બિશ્નોઈ પોતાના આર્થિક લાભ માટે માદક કેફી પદાર્થોનો જથ્થો લાવી છુટકમાં વેચાણ કરે છે.

બાતમીના આધારે SOG એ વોચ ગોઠવી રેઈડ કરી હતી અને આરોપીઓ (૧) શ્રવણકુમાર મનોહરરામ બિશ્નોઇ, (૨) મહિપાલ ક્રિષ્ણારામ બિશ્નોઈ , અને (૩) પ્રદિપ રાજુરામ બિશ્નોઈ ને ઝડપી પાડ્યા હતા. આ ત્રણેય આરોપીઓ મૂળ રાજસ્થાનના જોધપુર અને પાલી જિલ્લાના રહેવાસી છે. તેમના કબજા ભોગવટાના ભાડાના મકાનમાંથી ગેરકાયદેસર નશાકારક મેફેડ્રોન ડ્રગ્સ (૩૫.૨૭ ગ્રામ) અને ઓપીએટ/અફીણ (૨૭.૨૮ ગ્રામ) નો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. કબજે કરેલ કુલ મુદ્દામાલની કિંમત રૂ. ૧,૯૦,૩૫૦/- આંકવામાં આવી છે, જેમાં રોકડા રૂપિયા અને મોબાઈલ ફોનનો પણ સમાવેશ થાય છે.

આ આરોપીઓ જોધપુર, રાજસ્થાનના રહેવાસી સંજય બિશ્નોઈ પાસેથી પ્રતિબંધિત કેફી પદાર્થો લાવી અન્યને વેચાણ કરવા માટે રાખતા હતા. આરોપીઓ વિરુદ્ધ ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટની કલમો મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે, જ્યારે સંજય બિશ્નોઈને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

# લુણાવાડા કિસાન માધ્યમિક વિદ્યાલય ખાતે નિઃશુલ્ક સર્વનિદાન કેમ્પ યોજાયો



• દિલીપભાઈ બારીઆ

મહીસાગર જીલ્લાનુ વડું મથક એવા લુણાવાડા ખાતે કિસાન માધ્યમિક વિદ્યાલયના સ્થાપક કંચનભાઈએ આ લોક સેવા કરવાની ભાવનાથી એમના ઉમદા વિચારોથી આ દરેક સમાજ શશકત રહે તંદુરસ્ત રહે એવી આશાથી શરુઆત કરી હતી 2004 માં ત્યારથી આજદીન સુધી દર વરસે અવીરત પણે આ કેમ્પ યોજાય છે એકવીસમો સર્વે નિદાન કેમ્પ યોજવામાં આવ્યો આ કાર્યક્રમમાં મોટા મોટા શહેરોમાંથી મોટી મોટી બીમારીઓની સારવાર મળી રહે એવા ડોક્ટરોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. સાથે સાથે દવાઓની જે સારી કંપનીઓ છે. તેના સ્પોન્સરને પણ આવકારવામાં આવ્યા હતા.લુણાવાડા નગરની આજુબાજુના વિસ્તારના લોકોને મોટી બિમારીમાંથી સારવાર થાય અને મફત દવા મળી રહે એ હેતુથી આ કેમ્પ યોજાયો હતો.જેમા વિવિધ વિભાગના ડૉ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા આંખ વિભાગ. હૃદય વિભાગ. હાડકા વિભાગ. કેન્સર વિભાગ. ચામડી વિભાગ. ફેફસા વિભાગ. બાળ વિભાગ.દાંત વિભાગ. જેવા અનેક પ્રકારના વિવિધ ડૉ એ સેવા આપી કિસાન માધ્યમિક વિધાલયમાં રાખેલ નિ શુલ્ક કેમ્પ ખૂબ સારી રીતે દર્દીઓને સેવાનો લાભ મળ્યો હતો. લુણાવાડામાં આવેલ કિસાન વિદ્યાલય સ્કૂલ માં એકવીસ વર્ષથી સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવે છે.આ કેમ્પમાં જે લોકો અમદાવાદ વડોદરા, સુરત શહેરમાં મોટી મોટી બીમારીઓ માટે દવાખાને જઈ શકતા નથી દવાનો ખર્ચ ઉપાડી શકતા નથી એવા લોકોને લુણાવાડામાં જ તમામ પ્રકારના દર્દોની સારવાર મળી રહે અને સાથે સાથે નિશુલ્ક દવાઓ પણ મળી રહે એવા શુભ આશયથી અવિરત પણે એકવીસ વર્ષથી આ સર્વે રોગ નિદાન કેમ્પ કિસાન માધ્યમિક વિદ્યાલયના પટાંગણમાં યોજવામાં આવ્યો હતો આ કેમ્પમાં વિવિધ દર્દીઓએ બાવીસો છેતાલીસ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો

### બિસ્માર હાલતથી ગ્રામજનો પરેશાન - ૧૫ દિવસમાં રસ્તો રીપેર ન થાય તો ૫૦૦ લોકો સાથે માર્ગ અવરોધની ચેતવણી

# રાણા કંડોરણાથી નવાગામ સુધીનો હાથ પગ ભાંગી નાખે તેવા રસ્તો ખરાબ

• વિરમભાઈ કે. આગ.

રાણા કંડોરણાથી ભોડદર, મહિરા, નેરાણા, એરડા, દેરોદર, ભડ તેમજ નવાગામ સુધી જતો મુખ્ય રસ્તો હાલ અતિ બિસ્માર હાલતમાં છે. રસ્તા ઉપરની કાંકરી સંપૂર્ણપણે નીકળી જવાથી મોટી ખાડાઓ સર્જાયા છે, જેના કારણે રોજબરોજ 2 થી 3 અકસ્માતો બની રહ્યા છે. ગઈ કાલે બનેલા ગંભીર અકસ્માતમાં એમ્બ્યુલન્સ બોલાવવાની નોબત આવી હતી. ઈજાગ્રસ્તોને હાથ-પગમાં ગંભીર ઘા થવાના બનાવો વારંવાર બનતા રહે છે, જ્યારે ક્યારેક હેમરેજ જેવી ગંભીર પરિસ્થિતિ પણ સર્જાય તેવી ભીતિ લોકોને સતાવે છે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા મુજબ આ રસ્તો હવે જાણે "મોતનો કૂવો" બની ગયો છે. ઘેડના ગામડાના લોકો અત્યંત પરેશાન છે. લોકોએ સોશિયલ મીડિયા દ્વારા તંત્રને રસ્તાની હાલત અવગત કરાવી તેના સુધારાની માંગ કરી હતી. તંત્રને 15 દિવસની મુદત આપવામાં આવી છે. જો આ અવધિમાં રસ્તાની મરામત ન થાય તો 500 લોકો એકઠા થઈ માર્ગ અવરોધ કરવાનો ચીલો આપવામાં આવ્યો છે. આજે રસ્તાની વેદના તંત્ર સુધી પહોંચાડવા અને સ્થળ પર પરિસ્થિતિ નિરીક્ષણ કરવા પોરબંદરથી આમ આદમી પાર્ટીના આગેવાનો પહોંચ્યા હતા. જેમાં લીલુંબેન ભૂતિયા, નૂતનબેન ગોકાણી, પોરબંદર શહેર પ્રમુખ ચેતનભાઈ સવજાણી, રાણાવાવ-કૂતિયાણા વિધાનસભા પ્રભારી મેરૂભાઈ ઓડેદરા, એરડા ખેડૂત આગેવાન કાનજીભાઈ ગઢવી, પોરબંદર જિલ્લા સીટ સહ-પ્રભારી શંકાદીક બાપુ, જયમલ ઓડેદરા તથા ભોડદર તાલુકા સીટના પ્રભારી લખનાશી ઓડેદરા પણ જોડાયા હતા. ઉપરાંત થોયાણા, ભોડદર, મહિરા, નેરાણા અને એરડા ગામોના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



# રત્નસિંહ મહિડા કોમર્સ કોલેજ રાજપીપળા ખાતે એનએસએસ કેમ્પની પુર્ણાહૂતી



• દીપક જગતાપ, રાજપીપલા

શ્રી રત્નસિંહ મહિડા કોમર્સ કોલેજ રાજપીપળા ખાતે સાત દિવસ સુધી સતત ચાલેલા એનએસએસ કેમ્પની પુર્ણાહૂતી કોલેજ કેમ્પસમાં યોજવામાં આવી હતી. આ આખો કાર્યક્રમ સમાજનો અરીસો જેને કહી શકાય અને ચોથો સ્તંભ એવા વરિષ્ઠ પત્રકારોની ઉપસ્થિતિ માં યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે પત્રકાર અને જાણીતા લેખક દિપક જગતાપ અને વરિષ્ઠ પત્રકાર દિપક પટેલ તેમજ તેમજ પ્રવીણ પટવારી તથા ડો. લકીરાજસિંહ ગોહિલ ખાસ ઉપસ્થિત થયા હતા .આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ.હિતેશ ગાંધીએ પ્રાસંગિક પ્રવચન કરી મહેમાનોનો પરિચય આપી પુષ્પ ગુચ્છ અને પુસ્તકથી સ્વાગત કર્યું હતું .ત્યારબાદ તેમણે સાત દિવસના એનએસએસ કેમ્પ ના કાર્યક્રમોની વિગત આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે પત્રકાર પ્રવીણભાઈ પટવારીએ એનએસએસ ની પ્રવૃત્તિ થી લીડરશીપ ના ગુણો વિદ્યાર્થીઓમાં વિકસે છે અને સેવાની સુંદર કામગીરી કરવાની તક મળે છે એમ જણાવી વિદ્યાર્થીઓને એનએસ એસ માં જોડાવા બડલ અભિનંદન આપ્યા હતા.

જ્યારે જાણીતા પત્રકાર અને લેખક અને સાયન્સ ગ્રાફી વિજ્ઞાન માસિક ના તંત્રી દીપક જગતાપે એન એસ એસની પ્રવૃત્તિ શું છે તેનું માર્ગદર્શન આપી એન એસએસ દ્વારા શ્રમ અને સેવાનું મહત્વ સમજાવી પોતાના જ કેમ્પસની સાફ-સફાઈથી માડીને પોતાના નગર,મંદિર ગામના આજુબાજુના વિસ્તારમાં પણ સફાઈ કામ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો સ્વચ્છતા અભિયાનનો ઉલ્લેખ કરી જીવનમાં સફાઈ નું મહત્વ પણ સમજાવ્યું હતું.અને કેમ્પમાં લીધેલી તાલીમનો ઉપયોગ જીવનમાં પણ ઉતારવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ નું સંચાલન પ્રા. ક્રિષ્ના પટેલે કર્યું હતું

ધોરી-પાવઠી-અંધારીયા ગામે શૈક્ષણિક ભવનનું ભૂમિપૂજન

# દિકરીઓના શિક્ષણ માટે લક્ષ્ય સર્વજનિક એજયુકેશન ટ્રસ્ટનું મહત્ત્વાકાંક્ષી આયોજન

**આમંત્રણ** સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહી માહોલ જોવા મળછે અને અંતે મહાપ્રસાદનું આયોજન રાખેલું છે




• દિપક પુરબીયા

બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણના ક્ષેત્રે મહત્વપૂર્ણ પહેલ કરતા લક્ષ્ય સર્વજનિક એજયુકેશન ટ્રસ્ટ, ગુજરાત સંચાલિત દ્વારા દિકરીઓ માટે વિશેષ શૈક્ષણિક ભવન બનાવવાના પવિત્ર કાર્યનો પ્રારંભ 10-12-2025ના રોજ કરવામા આવી રહ્યો છે આ કાર્યક્રમમાં 15 સ્ટેટ્સના રાજવીઓની ખાસ ઉપસ્થિત રહેશે અને બનાસકાંઠાના એસ પી, પ્રશાંત સુબે, અરવલ્લી જિલ્લાના એસ પી મનોહરસિંહ જાડેજા ખાસ ઉપસ્થિત રહેશે પાલનપુર-અંબાજી હાઈવે નજીક આવેલા ધોરી-પાવઠી-અંધારીયા ગામે બુધવાર, તારીખ 10-12-2025ના રોજ વિક્રમ સંવત 2082નાં માગશર વદ-6ના શુભ મુહૂર્તે ભૂમિપૂજન વિધિ ભક્તિભાવે યોજાવા જઈ રહી છે... સમગ્ર પ્રદેશની દિકરીઓના ઉજ્જવળ ભવિષ્યના ધ્યેય સાથે શરૂ થતું આ નિર્માણ કાર્ય ટ્રસ્ટની મહત્ત્વાકાંક્ષા અને સમાજ પ્રત્યેની જવાબદારીને પ્રતિબિંબિત કરે છે. ભવન પૂર્ણ થયા બાદ અહીં દિકરીઓ માટે આધુનિક વર્ગખંડો, હોસ્ટેલ સુવિધા, પુસ્તકાલય, કમ્પ્યુટર લેબ, તેમજ સંસ્કાર કેન્દ્ર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના ટ્રસ્ટના આયોજન અંગે જાણકારી આપવામાં અપાઈ છે ભૂમિપૂજન કાર્યક્રમમાં સમસ્ત ડાભી (કુશવાહા) જાગીરદાર રાજપૂત પરિવાર તેમજ ધોરી-પાવઠી-અંધારીયા ગામોના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહશે. પંડિતશ્રીઓ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ભૂમિપૂજન,સ્થાનશુદ્ધિ અને કલશ સ્થાપન જેવા વિધિ-વિધાનો ભક્તિભાવથી નિર્વહ કરવામાં આવશે . ઉપસ્થિત મહેમાનોમાં વિસ્તારમાંથી આગેવાનો, શિક્ષણપ્રેમી ખૂબ મોટી સંખ્યામાં હાજર રહેશે કાર્યક્રમ દરમ્યાન ટ્રસ્ટના પ્રતિનિધિઓએ જણાવ્યું કે- "આ ભવન માત્ર ઈમારત નહીં પરંતુ દિકરીઓની પ્રગતિનો પાયો સાબિત થશે. બનાસકાંઠાની દીકરીઓ ઉચ્ચ શિક્ષણમાં આગળ વધે તેનાં ઉદ્દેશથી આ જુદુ અને અનોખું કેન્દ્ર તૈયાર થવાનું છે."દૂર-દૂરથી આવેલા મહેમાનો અને ગામજનોનું હર્ષભેર સ્વાગત કરવામાં આવશે

સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહી માહોલ જોવા મળછે અને અંતે મહાપ્રસાદનું આયોજન રાખેલું છે... આ શૈક્ષણિક ભવન બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણક્ષેત્રે એક નવો માઈલસ્ટોન સાબિત થવાની પૂરી આશા વ્યકત કરવામાં આવી રહી છે... અને ફરી એકવાર ધોરી પાવઠી અને અંધારીયા ગામ તરફથી બનાસકાંઠાના સર્વ સમાજ ને ભાવ ભર્યું આમંત્રણ છે સ્થાળ: પાલનપુર અંબાજી હાઈવે ધોરી બસ્ટેન્ડ તાલુકો વડગામ

ડાંગ જિલ્લા પોલીસની સરાહનીય કામગીરી

# લગ્નના બહાને છેતરપિંડી કરનાર પાંચ આરોપીઓ આબાદ ઝડપાઈ ગયાં

**કાર્યવાહી** પોલીસ દ્વારા કુલ રૂ. ૪,૪૩,૦૦૦/- નો મુદ્દામાલ રિકવર કર્યો

• આહવા

ડાંગ જિલ્લા પોલીસને લગ્ન કરાવવાના બહાને લાખોની છેતરપિંડી આચરનાર વોન્ટેડ આ રોપીઓને ઝડપી પાડવામાં મોટી સફળતા મળી છે. પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ ડાંગ જિલ્લા પોલીસ વડાની સૂચના મુજબ, સાપુતારા પોલીસ સ્ટેશન માં ૦૬/૧૨/૨૦૨૫ ના રોજ છેતરપિંડીનો ગુનો દાખલ થયો હતો. આ રોપીઓએ ફરિયાદીને છોકરી બતાવી, લગ્ન ખર્ચના નામે તેમની પાસેથી રોકડા રૂ. ૨,૦૦,૦૦૦/- પડાવી લીધા હતા. આ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, સાપુતારા પોલીસ સ્ટેશનની ટીમોએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ડાંગ જિલ્લાના શામગહાન, કડમાળ અને પીપલ્યામાળ ગામ ખાતેથી આ ગુના માં સંડોવાયેલા પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં (૧) નિકીતાબેન ઉર્ફે જીયા રમેશભાઈ (૨) જ્યોતીબેન ઉર્ફે સંગીતા (મૂળ મહારાષ્ટ્ર/ખેડા/ઔરંગાબાદ) અને ડાંગના રહેવાસી (૩) વિજયભાઈ ભોયે, (૪) રમેશભાઈ જાદવ અને (૫) સોમનાથભાઈ પવારનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂ.૧,૩૦,૦૦૦/-, એક ફોર વ્હીલ અને બે મોબાઈલ મળીને કુલ રૂ. ૪,૪૩,૦૦૦/- નો મુદ્દામાલ રિકવર કર્યો છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરીછે.



# બાઈક ચાલક ની ભૂલ ના લીધે વિદ્યાર્થીનીઓ આખી જિંદગી અપંગતા ભોગવશે



• આહવા.

ડાંગ જિલ્લાના સુબીર તાલુકાની પ્રાથમિક શાળામાં ધોરણ ૭માં અભ્યાસ કરતી અને લહાન કડમાળ ગામની ચાર વિદ્યાર્થિનીઓ શાળા છૂટ્યા બાદ સાંજે ૫:૩૦ વાગ્યાના અરસામાં મહાલ રસ્તે પોતાના ઘરે જઈ રહી હતી આ દરમિયાન, લહાન કડમાળ ફાટક નજીક કડમાળ ગામનો રહેવાસી યુવક પ્રકાશ ઝિપરભાઈ દાહવાડ GJ 30- B 3618 નંબરની ટુવિલ ગાડી દારૂ પીધેલી હાલતમાં હંકારીને આવી રહ્યો હતો. તેણે રસ્તામાં ચાલી રહેલી ચાર પૈકી ત્રણ છોકરીઓને પાછળથી ટક્કર મારી ઢસડી હતી, જોકે તેમાંથી એક છોકરીનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતમાં બે વિદ્યાર્થિનીઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી: પ્રેમિલા જમશુંભાઈ રાઉત (ઉંમર ૧૭): તેમને મોઢાના ભાગે ઈજા તથા ડાબા પગમાં ફેક્ચર થયું છે. રવિના સોનુભાઈ પવાર (ઉંમર ૧૭): તેમને જમણા પગમાં ૧૨થી ૧૫ જેટલા ટાંકા આવ્યા છે. ઈજાગ્રસ્ત છોકરીઓને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક સુબીર CHC હોસ્પિટલ ખસેડવામાં આવી હતી અને ત્યારબાદ વધુ સારવાર માટે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરાઈ હતી. પગમાં ફેક્ચર થયેલી છોકરીને હાલમાં વાસદાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસ હજુ સુધી પોલીસ ફરિયાદ નોંધાઈ ન હતી.

# શામગહાન માં ડૉ. બાબાસાહેબ ના મહા પરિનિર્વાણ દિવસ નિમિત્તે ખાતે શ્રદ્ધાંજલિ



• આહવા

૬ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ભારતના બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનો મહાપરિનિર્વાણ દિવસ સમગ્ર દેશની સાથે શામગહાન ખાતે પણ મનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શામગહાન સ્થિત સ્થાનિક યુવાનો અને સામાજિક આગેવાનોએ બારીપાડા ખાતે આવેલ આંબેડકર સર્કલ પાસે એકઠા થઈ ડૉ. બાબા સાહેબને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે બાબા સાહેબના મૂલ્યોને યાદ કરી, સર્કલની સાફ-સફાઈ કરી સામુહિક જગ્યાને સ્વચ્છ રાખવાનો સંદેશો આપ્યો હતો. પુષ્પાંજલિ અર્પણ કરી, પૂજા-અર્ચના કરીને પુણ્યતિથિ નિમિત્તે ડૉ. આંબેડકરને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સમાજના જાગૃત યુવા અગ્રણી નીતિનભાઈ રાઉત, બારીપાડા સામાજિક કાર્યકર્તા કોન્જુભાઈ ગાવિત, ગંગારામભાઈ ચૌધરી અને પર્વતારોહક ભોવાનભાઈ રાઠોડ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ભરતીનો કહેર: જંબુસરના આસરસા ગામે ONGC સર્વે માટે જતી બોટ પલટી, બોટ માલિકનું મોત

• જંબુસર

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના આસરસા ગામ નજીક ONGC ના ઓઈલ સર્વેના કામ માટે જઈ રહેલી એક બોટ દરિયામાં અચાનક પલટી ગઈ હતી. આ બોટમાં અંદાજે ૨૫ જેટલા શ્રમિકો અને સ્થાનિકો સવાર હતા. શ્રમિકો એક તરફ ભેગા થઈ ગયા હતા અને તે સમયે જ અચાનક દરિયામાં ભરતીનું પાણી આવી જતાં પાણીના જોરદાર પ્રવાહમાં બોટ એક તરફ નમી ગઈ હતી અને પાંચ સેકન્ડમાં જ પલટી મારી ગઈ હતી.

ઓઈલ એન્ડ નેચરલ ગેસ કંપની (ONGC) જંબુસર તાલુકામાંથી પસાર થતાં અરબી સમુદ્રમાંથી ખનીજતેલ અને કુદરતી ગેસનું સંશોધન કરવાના પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત એશિયન એનર્જી પ્રાઈવેટ લિમિટેડ કંપનીએ આસરસા ગામની બોટ ભાડેથી લીધી હતી. શ્રમિકોને કામગીરી શીખવાડવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી.

આ દુર્ઘટનામાં બોટના માલિક રોહિતભાઈ બોટની નીચે દબાઈ જવાથી કરૂણ મોત ને ભેટ્યા હતા. તેમના પુત્રના જણાવ્યા મુજબ, વધુ લોકો સવાર થઈ જવાથી બોટ પલટી હતી અને કોઈએ લાઈફ જેકેટ પણ પહેર્યા નહોતા. બોટમાં સવાર અન્ય ૨૩ લોકોને બચાવી લેવામાં સફળતા મળી હતી, જેમને સારવાર માટે જંબુસરની રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, આસરસા ગામના એક શ્રમજીવી નરેશ રાઠોડ ખાડીના પાણીમાં લાપત્તા બન્યા છે, જેમની શોધખોળ ચાલુ છે.

ઘટનાની જાણ થતાં જ ધારાસભ્ય ડી.કે. સ્વામી હોસ્પિટલ પહોંચ્યા હતા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે બચાવ કામગીરી અને આગળની કાર્યવાહી અંગે સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

કસ્તુરબા હોસ્પિટલ વલસાડ ખાતે

# દાખલ ઊર્મિલાબેન ગાવિતને '4K આદિવાસી સમાજ'ની આર્થિક સહાય, પતિને ચેક અપાયો

• આહવા

વલસાડ ની કસ્તુરબા હોસ્પિટલ, ખાતે દાખલ આર્થિક રીતે નબળા પરિવારના ઊર્મિલાબેન પ્રવીણભાઈ ગાવિતની વહારે ડાંગ 'આદિવાસી 4k સમાજ' આવ્યો છે. સારવારનો ખર્ચ ઉપાડવામાં પરિવાર અસમર્થ હોવાથી, સમાજે સક્રિય સહયોગ નોધાવી ઉદાહરણરૂપ કાર્ય કર્યું છે. સમાજના સહિયારા પ્રયાસોથી એકત્ર કરાયેલા 35,000/- (પાંત્રીસ હજાર)નો ચેક આજરોજ તેમના પતિને અર્પણ કરવામાં આવ્યો હતો. 4k સમાજે શિક્ષણ અને મેડિકલ સહાય માટે હંમેશા મદદરૂપ થવાનો સંદેશ આપ્યો છે. સમાજે આ ઉમદા કાર્યમાં સહયોગ આપનાર તમામ મિત્રોનો આભાર માન્યો છે. હાલમાં જરૂરિયાત મુજબનું ફંડ ઊર્મિલા બહેનને આપવામાં આવ્યું છે, અને સમાજને વધુમાં વધુ પ્રોફેસર, ડોકટરો, અને સરકારી અધિકારી મિત્રોને દાન દ્વારા સહયોગી બનવા અપીલ કરાઈ છે.



# અમદાવાદ :સિને પ્રાઈમ-મિરાજ મલ્ટિપ્લેક્સ અને હોસ્પિટલ સહિત 8 મિલકતો સીલ



• અમદાવાદ

અમદાવાદમાં બીયુ પરવાનગી અને ફાયર સેફ્ટી વિનાની મિલકતો જ્યાં મોટી સંખ્યામાં લોકો ભેગા થતા હોય તેને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેરના પૂર્વ વિસ્તારમાં નિકોલ અને હાથીજણમાં આવેલા કુલ ત્રણ મલ્ટિપ્લેક્સ તેમજ વસ્ત્રાલ અને ઓઢવ વિસ્તારમાં આવેલી કુલ પાંચ જેટલી હોસ્પિટલોને સીલ મારવામાં આવી છે. બીયુ પરવાનગી અને ફાયર સેફ્ટીને લઈને નોટિસ આપવામાં આવી હોવા છતાં પણ કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા છેવટે પૂર્વ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડ બાદ રાજ્ય સરકાર દ્વારા બીયુ પરમિશન અને ફાયર સેફ્ટીને લઈને કડક પગલાં ભરવા માટેની સૂચના આપી હતી ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મિલકતોમાં ચેકિંગ કરી નોટિસ આપી કાર્યવાહી કરી હતી પરંતુ ફરી એકવાર 50થી વધારે લોકો જાય એક સાથે ભેગા થતા હોય એવી બિલ્ડીંગોમાં તપાસ કરી છે જેમાં હોસ્પિટલો અને મલ્ટિપ્લેક્સ વગેરે જગ્યાએ તપાસ કરવામાં આવી રહી છે. AMC પૂર્વ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા 103 હોસ્પિટલમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું જેમાં 13 હોસ્પિટલોમાં માન્ય બી.યુ. રજુ કરવા નોટિસો આપવામાં આવી હતી. જે હોસ્પીટલ બિલ્ડીંગ પાસે માન્ય વપરાશ પરવાનગી ન હોય તેવી 5 હોસ્પિટલ બિલ્ડીંગોને સીલ કરવામાં આવેલી છે. પૂર્વ વિસ્તારમાં 10 જેટલા મલ્ટિપ્લેક્સમાં પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું જેમાં ત્રણ મલ્ટિપ્લેક્સને માન્ય બી.યુ. રજુ કરવા નોટિસો આપવામાં આવી છે. જે મલ્ટિપ્લેક્સ બિલ્ડીંગ પાસે માન્ય વપરાશ પરવાનગી ન હોય તેવા 3 મલ્ટિપ્લેક્સને સીલ કરવામાં આવી છે.

આ 8 મિલકતો સીલ
સિને પ્રાઈમ સિનેમા- નિકોલ
એસ.કે. સિનેમા- હાથીજણ
મિરાજ સિનેમા- હાથીજણ
પ્રાચીન આયુર્વેદીક હોસ્પિટલ- વસ્ત્રાલ
જનમ ગાયનેક હોસ્પિટલ (જૂનુ નામ પલ્સ હોસ્પિટલ)- વસ્ત્રાલ
આશાદીપ હોસ્પિટલ- રામોલ-હાથીજણ
ધ્વનિ હોસ્પિટલ- ઓઢવ
ઘનશ્યામ હોસ્પિટલ

એમ્બ્યુલન્સ રોકી પોલીસ સાથે પણ ઝપાઝપી કરી

# અમદાવાદ : RTO પાસે બે યુવકે દારૂના નશામાં આતંક મચાવ્યો

**નશેડીઓનો ત્રાસ** | પોલીસે રીક્ષા ચાલક અને તેના સાથીની અટકાયત કરી હતી

• અમદાવાદ

અમદાવાદના RTO પાસે રીક્ષા ચાલક અને બાઈક ચાલક વચ્ચે તકરાર થઈ હતી જે બાદ રીક્ષા ચાલક અને તેના સાથીએ રોડ પર આતંક મચાવ્યો હતો. રસ્તે જતા લોકો સાથે ઝપાઝપી કરી હતી. એમ્બ્યુલન્સ જતી હતી તેને પણ રોકવાનો પ્રયત્ન કર્યો હતો. પોલીસ પહોચતા પોલીસકર્મી સાથે પણ ઝપાઝપી કરી હતી. રાણીપ પોલીસે બંને યુવકોની અટકાયત કરી હતી. RTO પાસેથી સાંજના સમયે એક બાઈક ચાલક પસાર થઈ રહ્યો હતો ત્યારે એક રીક્ષા ચાલક ઓવરટેક કરવા જઈ રહ્યો હતો. આ દરમિયાન બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. રીક્ષા ચાલકે રીક્ષામાં બેઠેલા તેના સાથી સાથે મળીને બાઈક ચાલક સાથે મારામારી કરી હતી. લોકો છોડાવવા વચ્ચે પડતા રીક્ષા ચાલક અને તેના સાથીએ નશાની હાલતમાં લોકો સાથે પણ ઝપાઝપી કરી હતી. એટલું જ નહીં રીક્ષા ચાલકે રસ્તા પરથી જઈ રહેલી 108 એમ્બ્યુલન્સની આગળ આવીને એમ્બ્યુલન્સ રોકવાનો પણ પ્રયત્ન કર્યો હતો. અન્ય વાહન ચાલકોને પણ નુકસાન કરવાનો પ્રયત્ન કર્યો હતો. બનાવની જાણ થતા રાણીપ પોલીસ ઘટના સ્થળે પહોંચી ત્યારે પોલીસકર્મી સાથ પણ રીક્ષા ચાલકે ઝપાઝપી કરી હતી. પોલીસે રીક્ષા ચાલક અને તેના સાથીની અટકાયત કરી હતી. રાણીપ પોલીસ સ્ટેશનના PI કેતન વ્યાસે જણાવ્યું હતું કે, બનાવ બાબતે બાઈક ચાલકે ફરિયાદ નોંધાવવી ન્હોતી, જેથી બંને યુવકને અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતાં. બંને યુવક સામે 151 મુજબ અટકાયતી પગલા લેવામાં આવ્યાં હતા.



શ્વાનો પકડવા મુદ્દે પોલીસ સ્ટેશને હોબાળો

# ગાર્ડન સિટીના રહેવાસીઓ અને જીવદયાપ્રેમીઓ આમને-સામને

**વિવાદને આમંત્રણ** | ૪૦ જેટલા શ્વાનોને પકડી અન્ય સ્થળે છોડાતા સ્થાનિકો અને જીવદયાપ્રેમીઓ વચ્ચે ઉગ્ર વાદ-વિવાદ



• અંકલેશ્વર

અંકલેશ્વરની ગાર્ડન સિટીમાં રખડતા શ્વાનોનો ત્રાસ વધી જતાં સ્થાનિક રહેવાસીઓ અને જીવદયાપ્રેમીઓ વચ્ચે મોટો વિવાદ ઊભો થયો છે. રહેવાસીઓની ફરિયાદ મુજબ, દિવસ-રાત શ્વાનોના ઝુંડ દેખાતા હોવાથી બાળકો અને મહિલાઓ માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. શ્વાન કરડવાના નાના-મોટા બનાવો પણ બન્યા છે, જેનાથી સ્થાનિકોમાં ભય અને રોષની લાગણી વ્યાપી છે. સ્થિતિ વણસતા, ગાર્ડન સિટીના કેટલાક રહેવાસીઓએ ખાનગી એજન્સીની મદદ લીધી હતી અને આશરે ૩૫ થી ૪૦ રખડતા શ્વાનોને પકડીને અન્ય સ્થળે છોડી દીધા હતા. જોકે, શ્વાનોને પકડવાની આ કાર્યવાહીનો જીવદયાપ્રેમીઓએ સખત વિરોધ કર્યો હતો. શ્વાનોને પકડવા અને છોડવા મુદ્દે બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને વાદ-વિવાદ થયો હતો, જેને પગલે આ મામલો આખરે પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો.

પોલીસે બંને પક્ષોના નિવેદનો નોંધી લીધા છે અને સમગ્ર ઘટનાક્રમ અંગે પ્રાથમિક તપાસ શરૂ કરી છે. શ્વાનોના ત્રાસને કારણે લોકોની સલામતી અને જીવદયાની ભાવના વચ્ચે ઊભો થયેલો આ વિવાદ સ્થાનિક તંત્ર માટે પણ એક પડકારરૂપ બન્યો છે.

# આસ્થાનો મહાસાગર : દાદાગુરુની ચોથી નર્મદા પરિક્રમા ભરૂચ પહોંચી

• ભરૂચ

સનાતન ધર્મમાં હળીમળીને રહેવાની ભાવના પર ભાર મૂકતા દાદાગુરુના નેતૃત્વમાં શરૂ થયેલી એક અનોખી નર્મદા સેવા પરિક્રમાનો સંઘ ભરૂચ ખાતે પહોંચ્યો હતો, જ્યાં પરિક્રમાવાસીઓનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. દાદાગુરુએ જણાવ્યું હતું કે, સનાતન ધર્મમાં સૌએ હળીમળીને રહેવાની ભાવના જરૂરી છે. છેલ્લા ૫ વર્ષથી માત્ર મા નર્મદાના પાણી પર જ જીવંત રહેલા દાદાગુરુની આ ચોથી પરિક્રમા છે, જે તેઓ 'વાયુ પર' શરૂ કરી છે. પગપાળા યાત્રા દરમિયાન તેઓ માત્ર જ્યાં રોકાણ કરે છે, ત્યાં જ એક ગ્લાસ મા નર્મદાના જળનું સેવન કરે છે.

મધ્યપ્રદેશના ઓમકારેશ્વરથી શરૂ થયેલી આ ૩૨૦૦ કિ.મી.ની પરિક્રમા ભરૂચના દરિયા સાથે નર્મદાના સંગમથી પરત ઉદ્ગમ સ્થળ અમરકંટક થઈને ઓમકારેશ્વરમાં પૂરી થશે. હાલ યાત્રા તેના દક્ષિણ તટ પર છે, જેમાં ૯૦% વૃદ્ધ પરિક્રમાવાસીઓ સહિત ૧૫૦૦થી વધુ ભક્તો જોડાયા છે. ખાસ વાત એ છે કે એક નવદંપતીએ પોતાના લગ્નના માત્ર ૫ દિવસ બાદ જ દાદાગુરુ સાથે આ પરિક્રમા શરૂ કરી છે, જે મા નર્મદા પ્રત્યેની અપાર શ્રદ્ધા દર્શાવે છે.

# સ્વાસ્થ્ય અને પર્યાવરણનો સંદેશ: અંકલેશ્વરમાં 'રન ફોર નર્મદા મૈયા' રેવા મેરેથોન ૩.૦ માં ૪,૦૦૦થી વધુ દોડવીરોનો ઉત્સાહ


• અંકલેશ્વર

ભરૂચના રેવા સોશ્યલ એન્ડ સ્પોર્ટ્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અંકલેશ્વરમાં રેવા મેરેથોન ૩.૦ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોનમાં ૪,૦૦૦થી વધુ દોડવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ મેરેથોન 'રન ફોર નર્મદા મૈયા' અને લોકોમાં સ્વાસ્થ્ય જાગૃતિ તેમજ પર્યાવરણ પ્રત્યે પ્રેમ વધારવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ સંસ્થાઓના સહયોગથી યોજાઈ હતી.

મેરેથોનનો પ્રારંભ ભરૂચ-અંકલેશ્વર વચ્ચે આવેલા અક્ષર આઈકોન ખાતેથી કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, પૂર્વ ધારાસભ્ય દુષ્યંત પટેલ, ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી, અંકલેશ્વર નગર સેવા સદનના પ્રમુખ લલીતા રાજપુરોહિત, આયોજક મહંમદ જારડીવાલા અને નરેશ પુજારા સહિતના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ મેરેથોનમાં ૩, ૫, ૧૬ અને ૨૧ કિલોમીટર એમ વિવિધ કેટેગરીમાં દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪,૦૦૦થી વધુ દોડવીરોએ ભાગ લઈને શારીરિક તંદુરસ્તી અને પર્યાવરણ જાગૃતિનો સંદેશો ફેલાવ્યો હતો.

# SMC એ આટકોટમાંથી રૂ.૨.૨૨ કરોડનો વિદેશી દારૂ ભરેલું બલ્કર ટેન્કર ઝડપી પાડ્યું



• રાજકોટ

ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં મોટી કાર્યવાહી કરીને આંતરરાજ્ય દારૂની હેરાફેરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે. SMC ટીમે આટકોટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી બાપાસીતારામ હોટેલના પાર્કિંગમાં વોચ ગોઠવી હતી.

પોલીસે ટેન્કર નં. RJ09GB5960 માંથી જુદી જુદી બ્રાન્ડની કુલ ૨૬,૭૨૪ વિદેશી દારૂની બોટલ (વ્હીસ્કી/રમ) કબજે કરી હતી, જેની અંદાજિત કિંમત ૨,૨૨,૬૨,૩૧૯/- છે. આ દારૂનો જથ્થો પંજાબની ડિસ્ટિલરીઓમાંથી બનાવવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. દારૂના જથ્થા ઉપરાંત ટેન્કર (કિ.રૂ. ૨૫,૦૦,૦૦૦/-), ત્રણ મોબાઈલ ફોન અને રોકડ રકમ મળીને કુલ ૨,૪૭,૯૫,૪૧૯/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

SMC એ સ્થળ પરથી બે ઈસમો (૧) ડ્રાઈવર જોગારામ માલારામ જાટ (રહે. બાડમેર, રાજસ્થાન) અને (૨) કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોરની અટકાયત કરી છે. જ્યારે આંતરરાજ્ય નેટવર્કના મુખ્ય સપ્લાયર અનિલ જગદીશપ્રસાદ પાંડ્યા (રહે. ફતેહપુર, રાજસ્થાન) સહિત ચાર ઈસમોને વોન્ટેડ જાહેર કરાયા છે. SMC દ્વારા આટકોટ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો રજીસ્ટર કરી, પકડાયેલા આરોપીઓનો કબજો વધુ તપાસ અર્થે આટકોટ પોલીસ સ્ટેશનને સુપ્રત કરવામાં આવ્યો છે.

# સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં ૨૬૮ શૈક્ષણિક જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પૂર્ણ

• ગાંધીનગર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારનો અભિગમ હરહંમેશથી ખેડૂત, શિક્ષણ અને રોજગારલક્ષી રહ્યો છે. એ જ અભિગમને આગળ ધપાવતા રાજ્યની મહત્વકાંક્ષી સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટમાં ખાલી પડેલી શૈક્ષણિક જગ્યાઓ સીધી ભરતીથી ભરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિમણૂક ઓર્ડર આપવામાં થયેલા વિલંબ અંગે અનેક પરીક્ષાર્થીઓ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. પરીક્ષાર્થીઓની લાગણીને હકારાત્મક વાચા આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે પરામર્શ કર્યા બાદ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ભરતીને મંજૂરી આપી છે અને પસંદગી પામેલા ૨૬૮ ઉમેદવારોને નિમણૂક ઓર્ડર આપવામાં આવ્યા છે. સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા દેશના ખેડૂતો માટે અત્યાર સુધીમાં ૫૮૩ ખેત ઉપયોગી ભલામણો, ૦૪ પ્રાકૃતિક કૃષિલક્ષી ભલામણો, ૦૪ પેટેન્ટ અને ૬૮ જેટલી પાકોની નવી જાતો વિકસાવવામાં આવી છે, જેના પરિણામે કૃષિ ક્ષેત્ર વધુ સમૃદ્ધ અને દેશના આર્થિક વિકાસને સતત વેગ મળ્યો છે. આ યુનિવર્સિટીમાં છેલ્લા ઘણા સમયથી પ્રાધ્યાપકો તથા વૈજ્ઞાનિકોની જગ્યાઓ ખાલી હોવાના કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ અને કૃષિ સંશોધનો પર તેની સીધી અસર થતી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બાબતને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ ઘણા સમયથી ખાલી પડેલી શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટે તાત્કાલિક મંજૂરી આપી હતી. રાજ્ય સરકારની મંજૂરી બાદ યુનિવર્સિટી દ્વારા પ્રાધ્યાપક સંવર્ગની ૪૦ જગ્યાઓ, સહ પ્રાધ્યાપક સંવર્ગની ૭૩ જગ્યાઓ અને મદદનીશ પ્રાધ્યાપક સંવર્ગની ૧૫૫ જગ્યાઓ મળી કુલ ૨૬૮ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરવામાં આવી હતી.

'દમનની રાજનીતિ નહીં ચાલે': AAPનો સૂર

# નેતાઓ પરના હુમલાના વિરોધમાં ભરૂચ રેલવે સ્ટેશને પ્રદર્શન કરી રહેલા કાર્યકરોની અટકાયત



• ભરૂચ

આમ આદમી પાર્ટી (AAP) દ્વારા તેમના નેતાઓ પર થઈ રહેલા સતત હુમલાઓના વિરોધમાં ભરૂચ જિલ્લામાં ઉગ્ર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જામનગરમાં ગોપાલ ઈટાલિયા સાથે બનેલી તાજેતરની ઘટના અને પક્ષના કાર્યકરો પર થઈ રહેલા અપ્રત્યક્ષ હુમલાઓના વિરોધમાં ભરૂચ સહિત સમગ્ર રાજ્યમાં AAP દ્વારા વિરોધ પ્રદર્શનનું આયોજન કરાયું હતું. કાર્યકરોએ હાથમાં બેનરો લઈને સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ મામલે ભરૂચ જિલ્લા AAP પ્રમુખ પિયુષ પટેલે આક્ષેપ કર્યો હતો કે, જામનગરમાં કોંગ્રેસના કોર્પોરેટરો AAPમાં જોડાયા બાદ ભાજપ-કોંગ્રેસના સ્થાનિક નેતાઓએ મળીને રાજકીય ષડયંત્ર રચ્યું હતું. પક્ષનું કહેવું છે કે આ પ્રવૃત્તિઓ રાજકીય દમન અને વિરોધીઓને દબાવવાનો પ્રયાસ છે.

આના વિરોધમાં રાજ્યના તમામ જિલ્લા મથકો પર વિશાળ વિરોધ પ્રદર્શન યોજવાની જાહેરાત કરવામાં આવી હતી,

જેના ભાગરૂપે ભરૂચના રેલવે સ્ટેશન ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન એ ડિવિઝન પોલીસે વિરોધ કરી રહેલા આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી હતી. આમ આદમી પાર્ટીએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેઓ આ અપ્રત્યક્ષ હુમલાઓ, રાજકીય દમન અને દબાવની રાજનીતિ સામે ઝૂકશે નહીં.

રશિયન ક્રૂડ ઓઇલ અને ટેરિફનો મુદ્દો મહત્વનો રહેશે

# ભારત-અમેરિકા વચ્ચે હવે ટ્રેડ ડીલ પર લાગશે મહોર? ફાઈનલ ચર્ચા માટે 3 દિવસની મહત્ત્વપૂર્ણ બેઠક

**ભારત-અમેરિકા ટ્રેડ ડીલનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વેપારને વધારવાનો છે. હાલમાં દ્વિપક્ષીય વેપાર લગભગ $191 અબજ છે. બંને દેશો 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને વધારીને $500 અબજ સુધી પહોંચાડવા માંગે છે**



• નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી અટકેલી ટ્રેડ ડીલ પર હવે જલ્દી વાતચીત સફળ થવાની આશા વધી છે. છેલ્લા કેટલાક સમયથી બંને દેશો તરફથી મળેલા સકારાત્મક સંકેતો બાદ હવે એક મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે. આગામી સપ્તાહે અમેરિકન અધિકારીઓની એક ટીમ દ્વિપક્ષીય વેપાર સમજૂતીના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવાના ઉદ્દેશ્યથી ભારતની મુલાકાત લેવાની છે. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે વેપાર કરારને લઈને બાકી રહેલા તમામ મુદ્દાઓ પર વાતચીત થવાની અને અંતિમ નિર્ણય લેવાઈ શકે તેવી પ્રબળ સંભાવના છે.

રિપોર્ટ્સ અનુસાર, ભારત-અમેરિકા ટ્રેડ ડીલને અંતિમ સ્વરૂપ આપવા માટે આગામી તબક્કાની વાતચીત માટે આવી રહેલી અમેરિકન ટીમનું નેતૃત્વ ડેપ્યુટી યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ(USTR) રિક સ્વિટ્ઝર કરશે. આ ત્રણ દિવસીય બેઠક 10 ડિસેમ્બરના રોજ શરૂ થશે અને 12 ડિસેમ્બરના રોજ સમાપ્ત થશે. તેમજ આ બેઠકમાં ટ્રેડ ડીલને લગતા અટકેલા મુદ્દાઓ ઉપરાંત, ભારત પર લાગુ કરાયેલા અમેરિકન ટેરિફમાં સંભવિત ઘટાડા પર પણ ચર્ચા થવાની અપેક્ષા છે.

નોંધનીય છે કે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઑગસ્ટ મહિનામાં રશિયન ક્રૂડ ઓઇલની ખરીદીના મામલે ભારત પર લાગુ કરાયેલા 25% રેસીપ્રોકલ ટેરિફને બમણો કરીને 50% કરી દેવાયો હતો. ત્યારથી આ ટ્રેડ ડીલની વાતચીત અટકી પડી હતી. જોકે, સપ્ટેમ્બર મહિનામાં અમેરિકન અધિકારીઓએ ભારતની મુલાકાત લીધી હતી અને ત્યારથી વાત ફરી ટ્રેક પર આવી છે. 50% ટેરિફ લાગુ થયા પછી અમેરિકન અધિકારીઓનો આ બીજો ભારત પ્રવાસ છે.

ટ્રેડ ડીલને લઈને છેલ્લા કેટલાક મહિનામાં ભારત અને અમેરિકા બંને તરફથી હકારાત્મક સંકેતો મળ્યા છે. જેમાં ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં નિવેદન આપ્યું હતું કે, 'જલ્દી જ અમે એક સારી ડીલ લોક કરી રહ્યા છીએ.'

સપ્ટેમ્બરમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે પણ ટ્રેડ ડીલ આગળ વધવાની વાત કરી હતી. આ ઉપરાંત વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે પણ કહ્યું હતું કે, 'ભારત આ વર્ષે અમેરિકા સાથે વેપાર સમજૂતી પર પહોંચવાની આશા રાખે છે, જેનાથી ભારતીય નિકાસકારોને લાભ થશે.'

છેલ્લા છ રાઉન્ડની વાતચીત પછી પણ અંતિમ નિર્ણય આવ્યો નથી. જોકે, બ્રોકરેજ ફર્મ પણ ભારતીય નિકાસો પર લાગુ 50% ટેરિફમાં ઘટાડાનો અંદાજ લગાવી રહ્યા છે. જેમાં નોમુરા(Nomura) એ જણાવ્યું હતું કે, 'આ ડીલ જલ્દી સાઈન કરવામાં આવશે અને ભારત પર ટેરિફ 20 ટકાની આસપાસ નક્કી કરવામાં આવશે. આ ડીલ આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થવાની આશા છે.'

ભારત-અમેરિકા ટ્રેડ ડીલનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વેપારને વધારવાનો છે. હાલમાં દ્વિપક્ષીય વેપાર લગભગ $191 અબજ છે. બંને દેશો 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને વધારીને $500 અબજ સુધી પહોંચાડવા માંગે છે. ભારતીય નિકાસકારો માટે આ સમજૂતી અત્યંત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે 50% ટેરિફ લાગુ થયા પછી ઑક્ટોબરમાં સતત બીજા મહિને અમેરિકામાં ભારતની નિકાસમાં 8.58% નો ઘટાડો નોંધાયો છે.

# વલસાડ LCB એ Swift કારમાંથી રૂ.૨.૫૪ લાખનો દારૂ કબજે કર્યો, એક ઈસમની ધરપકડ

**દમણથી સરીગામ જતો લાખોનો દારૂ ઝડપાયો**

• વલસાડ

વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે બાતમીના આધારે ઉમરગામના પાલી ધુયા રોડ ઉપરથી દમણથી સરીગામ તરફ લઈ જવાતો ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડી એક આરોપીની ધરપકડ કરી છે. LCB એ પાલી ધુયા એક્સેલ ફૂડ એન્ડ બેવરેજીસ કંપનીની સામે રોડ પરથી એક સફેદ કલરની મારુતિ સ્વીફ્ટ કાર (નં. DN-09-E-2141) ને રોકી હતી.



કારની તલાશી લેતા તેમાંથી વ્હીસ્કી, બિયર અને રમની કુલ ૮૮૧ બોટલ/ટીન (૨૩૯.૩૯૦ લીટર) મળી આવ્યા હતા, જેની કિંમત રૂ. ૨,૫૪,૨૨૮/- આંકવામાં આવી છે. પોલીસે કાર ચાલક આરોપી નિરલભાઈ અરવીંદભાઈ કોળી પટેલ (ઉ.વ. ૩૧) (રહે. નાની દમણ) ને દારૂ, કાર (કિ. રૂ. ૩,૦૦,૦૦૦/-) અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૫,૫૯,૨૨૮/- ના પ્રોહિબિશન મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો.

પકડાયેલ આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું કે તેને દારૂનો જથ્થો વોન્ટેડ આરોપી સાવન ઉત્તમભાઈ પટેલ (રહે. ભેંસરોલ, મોટી દમણ) દ્વારા આપવામાં આવ્યો હતો. LCB દ્વારા પકડાયેલા અને વોન્ટેડ આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે ભિલાડ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી કબજો સુપ્રત કરવામાં આવ્યો છે.

# અંકલેશ્વરનો ચિંટીંગનો આરોપી ઝડપાયો

• અંકલેશ્વર

અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છેતરપિંડી (ચીટિંગ) ના ગંભીર ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને ભરૂચ SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ)ની ટીમે અમદાવાદ ખાતેથી ઝડપી પાડ્યો છે.



SOG ભરૂચને બાતમી મળી હતી કે, અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતો-ફરતો આરોપી જયપ્રકાશ જયશંકર દવે (ઉ.વ. ૭૧) (મૂળ રહે. ઉમરેઠ, જિ. આણંદ) હાલમાં અમદાવાદ શહેર, માઈલ્સ્ટોન કોમ્પ્લેક્ષ, ડ્રાઈવીન રોડ, થલતેજ ખાતે હાજર છે.

બાતમીના આધારે SOG ની ટીમે તાત્કાલિક તે સ્થળે જઈ તપાસ હાથ ધરી હતી અને આરોપી જયપ્રકાશ દવે હાજર મળી આવતા તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આરોપીની નામ-ઠામની ખાત્રી કરી તેમને ભરૂચ ખાતે લાવી કાયદેસર કાર્યવાહી કરી હતી. SOG ભરૂચે ઝડપાયેલા આરોપીનો કબજો આગળની વધુ તપાસ અર્થે અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનને સુપ્રત કર્યો છે.

# હોર્ન ન સાંભળતા અકસ્માત: કંથારિયા પાસે રેલવે ટ્રેક પરથી પસાર થતી મહિલા ગંભીર

**સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાઈ**

• ભરૂચ

ભરૂચ શહેર નજીક કંથારિયા ગામ પાસે રેલવે ટ્રેક પર ચાલતી જતી એક મહિલા ગંભીર અકસ્માતનો ભોગ બની હતી. કંથારિયા પાસે ગુડ્સ ટ્રેનની અડફેટે આવતા આ દુર્ઘટના સર્જાઈ હતી.

મળતી માહિતી મુજબ, મહિલા રેલવે ટ્રેક પર ચાલતા જઈ રહી હતી તે દરમિયાન ટ્રેનનું હોર્ન ન સાંભળવાના કારણે અચાનક આવી પહોંચેલી ગુડ્સ ટ્રેનની અડફેટે આવી ગઈ હતી. આ અકસ્માતમાં મહિલાના માથા અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

દુર્ઘટના બનતા જ આસપાસના સ્થાનિક લોકો દ્વારા મહિલાને તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં તેની સારવાર શરૂ કરવામાં આવી છે. રેલવે પોલીસે આ ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે.



# કાઠીયાવાડી મુલતાની (પિંજારા) જમાતના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા સાંસરોદ સ્થિત જુમલા હૉલમાં ઉજવણી

• સૈફ અલી ભટ્ટી વાગરા

કાઠીયાવાડી મુલતાની (પિંજારા) જમાતના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા સાંસરોદ સ્થિત જુમલા હૉલમાં ઉજવણી કરાઈ, સમાજના વડીલો, આગેવાનો તેમજ ટેલેન્ટેડ યુવાનો, યુવતીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા... પાલેજ નજીક આવેલા કરજણ તાલુકાના સાંસરોદ સ્થિત જુમલા હૉલમાં કાઠીયાવાડી મુલતાની (પિંજારા) જમાતના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા એક ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત કુરાન શરીફની તિલાવતથી કરવામાં આવી હતી. ત્યારબાદ સમાજના ભૂલકાઓએ સુંદર નાઅત શરીફ રજુ કરી હાજરજનોના હૈયા ડોલાવ્યા હતા. ત્યારબાદ સમાજના અધ્યક્ષ સહિત વડીલો, આગેવાનો, ટેલેન્ટેડ યુવાનો, યુવતીઓનું ટ્રોફી તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વકતા દ્વારા મુલતાની સમાજમાં જે કાર્યો થઇ રહ્યા છે તેનો સુંદર ચિતાર રજુ કરી સમાજ લક્ષી કાર્યો થકી સમાજને વધુમાં વધુ આગળ લઈ જવા આહવાન કર્યું હતું. સાંપ્રત આધુનિક યુગમાં બાળકોને સુશિક્ષિત બનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. કલા શરીફ સ્કૂલના આચાર્ય ઈરફાન મુલતાનીએ મીડિયા સમક્ષ નિવેદનમાં જણાવ્યું હતું કે આજે કાઠીયાવાડી મુલતાની સમાજના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા અમે સૌ અહીંયા ભેગા થયા છીએ. અમારા પીરે તરીકત સૈયદ અલ્હાજ બાવા, સમાજના આગેવાનો સાથે અમે ઉજવણી કરી રહ્યા છીએ. સમાજનો ખુબ મોટો ફાળો છે. સમાજના ઉત્થાનમાં અમારા સમાજના દરેક મિત્રોનો ફાળો છે. અમે આગળ પણ સમાજલક્ષી કાર્યો ભેગા મળીને કરીશું.



## રાશીફળ (તા.08-12-2025)

- **મેષ**: આજનો દિવસ આનંદ અને સફળતા લાવનાર રહેશે. પ્રભાવશાળી લોકો સાથેની ચર્ચા ખૂબ જ સકારાત્મક રહેશે. કોઈ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ભાઈઓનું પણ પૂરું સહકાર મળશે.
- **વૃષભ (બ.વ.ઉ)**: વૃષભ રાશિના લોકોને સમય પ્રમાણે પોતાના વર્તનમાં બદલાવ લાવવો જરૂરી છે. બાળકો સાથે વર્તન કરતી વખતે તેમના દ્રષ્ટિકોણથી વિચારવું યોગ્ય રહેશે.
- **મિથુન**: મિથુન રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. જીવનમાં કેટલાક સકારાત્મક બદલાવ આવશે.
- **કર્ક**: કર્ક રાશિના લોકો માટે આજે વ્યવસાયમાં લાભના અવસર મળશે. પૈસા સંબંધિત કામોમાં પણ પ્રગતિ થશે. લાંબા સમય સુધી બેસીને કામ કરનારાએ પોતાની પોઝિશન સુધારવાની જરૂર છે.
- **સિંહ**: સિંહ રાશિના લોકો માટે આજનો દિવસ મિશ્રિત રહેશે. જીવનસાથી સાથે કોઈ મતભેદ થઈ શકે.
- **કન્યા**: કન્યા રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ સારો રહેશે. જીવનસાથી તરફથી સહકાર મળશે. ઘરમાં સભ્યો વચ્ચે પ્રેમપૂર્ણ વાતાવરણ રહેશે. કોઈ મિત્રની મુલાકાતથી જૂની યાદો તાજી થશે.
- **તુલા**: તુલા રાશિના લોકો માટે આજનો દિવસ ખુશીઓથી ભરેલો રહેશે. તમને તમારી અટકેલી રકમ મળી શકે છે. નોકરીમાં તમારા ઉત્તમ કાર્યની પ્રશંસા થશે અને પ્રમોશન સંબંધિત શુભ સમાચાર મળી શકે છે.
- **વૃશ્ચિક**: વૃશ્ચિક રાશિના લોકોને આજનો દિવસ મુશ્કેલીઓથી ભરેલો રહેશે. સહકર્મચારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં નેતૃત્વ, આયોજન અને ઝડપી નિર્ણય લેવાની જરૂર પડશે.
- **ધન**: ધનુ રાશિના લોકો માટે આજનો દિવસ પડકારોથી ભરેલો રહેશે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત કરવા વધુ મહેનત કરશો. જીવનસાથી તમારી કોઈ કડક વાતને ગેરસમજી શકે છે, એટલે સંવાદ શાંત રાખો.
- **મકર**: આજનો દિવસ મકર રાશિના લોકો માટે સારો રહેશે. જીવનસાથી સાથે ફરવા જઈ શકો અને એકબીજા સાથે સારો સમય વિતશો.
- **કુંભ**: આજના દિવસે તમે કોઈ મુસાફરી અથવા પ્રવાસ પર જઈ શકો છો. દાંપત્ય જીવન સારું રહેશે. કામમાં સફળતા મળશે.
- **મીન**: મીન રાશિના લોકોને આજે આનંદ મળશે. કોઈ સામાજિક કાર્યક્રમમાં જીવનસાથી સાથે સમજણ અને નજીકીઓ વધશે.

# ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી કરવા પંચમહાલ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર અપાયું



• ગોધરા

પંચમહાલ જિલ્લાના ટેટ પરીક્ષા પાસ ઉમેદવારો દ્વારા ગોધરા ખાતે કલેકટરશ્રી, ડી.ઈ.ઓ. સાહેબશ્રી અને ડી.પી.ઈ.ઓ. મેડમશ્રીને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં 1400 જેટલી મંજૂર થયેલી વિદ્યાસહાયક(શિક્ષકો)ની ભરતી ઝડપથી શરૂ થાય તે માટે આવેદન આપવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સરકારશ્રીના નાણાં વિભાગ દ્વારા એપ્રિલ-2025 મા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં ખાલી પડેલી 1400 જેટલી જગ્યાઓ ભરવા માટે મંજૂરી આપેલ છે, છતાં પણ ભરતી બોર્ડ દ્વારા કંઈ પગલાં લેવામાં આવ્યા નથી. શિક્ષકો માટેની ગુજરાત રાજ્યની સામાન્ય ભરતી પૂર્ણ થયેલ છે જ્યારે કચ્છની સ્પેશિયલ ભરતી પણ પૂર્ણ થવાના આરે છે ત્યારે ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની ખાલી જગ્યાઓ પણ ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે. ઘણા લાંબા સમય બાદ ભરતી આવી હોવાથી મેરિટ ઊંચુ ગયેલ છે એમાંય ખાસ કરીને ગણિત-વિજ્ઞાન વિષયનું મેરિટ કચ્છ ભરતીમા પણ 73.45 ની આસપાસ રહ્યું હોવાથી હજી ઘણા લાયક ઉમેદવારો નોકરીથી વંચિત રહી ગયેલ છે. ટેટ-૨ પરીક્ષામાં 110 કરતાં વધારે ગુણ લાવનાર ઉમેદવારો પણ રહી ગયેલ છે, જયારે 100 ગુણ કરતાં ઓછા ગુણ લાવનાર ઉમેદવારો નિયુક્તિ પામેલ છે તેથી ભરતી પ્રક્રિયા સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે. ઉચ્ચ મેરિટ ધરાવતા ઉમેદવારોને ન્યાય મળે અને અનુદાનિત શાળાઓ તથા આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ-મધ્યમ વર્ગીય બાળકોને વિષયવસ્તુ નિષ્ણાત શિક્ષકો મળે તે માટે વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવે તેવી રજૂઆતો કરવામાં આવી રહી છે.



# અડાલજ-ખોરજ નજીકની નર્મદા કેનાલમાં વૃદ્ધની મોતની છલાંગ

## ફાયર ટીમે બહાર કાઢી CPR આપી જીવ બચાવ્યો

• ગાંધીનગર

ગાંધીનગરના અડાલજ-ખોરજ નજીક આવેલી નર્મદા કેનાલમાં અમદાવાદના છારોડી વિસ્તારના એક 54વર્ષીય વૃદ્ધે અગમ્ય કારણોસર પડતું મૂકી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જોકે કેનાલના ધસમસતા પ્રવાહમાં તણાઈ રહેલા વૃદ્ધને ગાંધીનગર ફાયર બ્રિગેડના 11 જવાનોની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી બહાર કાઢીને સમયસર CPR આપીને તેમનો જીવ બચાવી લેવાયો હતો. ગાંધીનગરના અડાલજ-ખોરજ નજીક આવેલી નર્મદા કેનાલમાં અમદાવાદના છારોડી વૈષ્ણોદેવી સર્કલ પાસે એક સોસાયટીમા રહેતા 54 વર્ષીય વૃદ્ધે છલાંગ લગાવ્યા બાદ બચવાના નિરર્થક પ્રયાસો શરૂ કર્યા હતા. જોકે તેઓ કિનારા તરફ પહોંચવાને બદલે કેનાલની વચોવચ પહોંચી ગયા હતા અને જીવન-મરણના ઝોલા ખાઈ રહ્યા હતા. દરમિયાન કેનાલમાં કોઈ વ્યક્તિ ડૂબી રહ્યું હોવાનું જોઈને રાહદારીઓ એકઠા થયા હતા અને તાત્કાલિક ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ત્યારે સિનિયર ફાયર ઓફિસરની ગેરહાજરીમાં જ પ્રથમ સરગાસણ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જોકે



ઉપરથી શાંત દેખાતી કેનાલના નીચેના પાણીનો પ્રવાહ ખૂબ જ ધસમસતો હોવાથી અને વૃદ્ધ વચોવચ ફસાયેલા હોવાથી વધુ મદદની જરૂર પડી હતી. જેને તાત્કાલિક સેક્ટર 17 ફાયર બ્રિગેડની ટીમને પણ કેનાલ પર રવાના કરવામાં આવી હતી. બાદમાં સરગાસણ અને સેક્ટર 17 ફાયર બ્રિગેડની કુલ 11 જવાનોની ટીમે ભારે જહેમત બાદ વૃદ્ધને અર્ધબેભાન હાલતમાં કેનાલમાંથી જીવતા બહાર કાઢી લીધા હતા. કેનાલમાં પડવાના કારણે વૃદ્ધના પેટમાં પાણી પણ જતું રહ્યું હતું. આમ વૃદ્ધની નાજુક સ્થિતિ પારખીને ફાયર બ્રિગેડના જવાનોએ તુરંત CPR આપવાનું શરૂ કર્યું હતું. અને ફાયર જવાનોના સમયસરના આ પગલાથી વૃદ્ધનો જીવ બચી ગયો હતો. બાદમાં વૃદ્ધને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. દરમિયાન વૃદ્ધ ના દીકરાને આ ઘટનાની જાણ થતાં તે પણ હોસ્પિટલ પહોંચી ગયો હતો. આ મામલે પોલીસે વૃદ્ધે કયા કારણોસર આપઘાતનો પ્રયાસ કર્યો તે જાણવા માટે આગળની કવાયત શરૂ કરી છે.


**અવ્યવસ્થા** — અમદાવાદ શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા વકરી

# સારંગપુર-અસારવા અને હવે સુભાષ બ્રિજને લીધે મોટાભાગના રસ્તા બંધ

## શહેરના એસ.જી.હાઈવે ઉપર ઓવરબ્રિજ બનાવવાની કામગીરીથી જનતા ત્રસ્ત

• અમદાવાદ

અમદાવાદ પૂર્વ અને પશ્ચિમને જોડતા સારંગપુર બ્રિજના રીકન્સ્ટ્રકશન માટે આ વર્ષના જાન્યુઆરી મહિનાથી તમામ પ્રકારની અવરજવર માટે બંધ કરાયો છે. આ ઉપરાંત અસારવા, ગિરધરનગર બ્રિજ બંધ હોવાના કારણે ટ્રાફિકને ડાઈવર્ઝન આપવામા આવ્યુ છે.કાલુપુર રેલવે સ્ટેશનનુ કામપણ ચાલી રહયુ છે.આ કારણથી કેટલાક રસ્તા વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે.પશ્ચિમ અમદાવાદમાં ગુરૂવારથી સુભાષબ્રિજ પાંચ દિવસ ઈન્સપેકશન માટે બંધ કરાતા દધિચી બ્રિજ ઉપર ટ્રાફિક ડાઈવર્ટ કરાયો છે. આ કારણથી । શહેરીજનોને ભારે ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડી રહયો છે. સારંગપુરના બ્રિજને આ વર્ષના જાન્યુઆરી મહિનાથી વાહન વ્યવહાર માટે બંધ કરાયા પછી કાલુપુર ઉપરાંત સારંગપુર, ગોમતીપુર તેમજ સરસપુર





સહિતના પૂર્વના વિસ્તારમાં જનારા શહેરીજનોને ટ્રાફિકને લઈ ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ બ્રિજ અને કાલુપુર રેલવે સ્ટેશનની કામગીરીને લઈ ઠેક-ઠેકાણે બેરીકેડસ મૂકી રસ્તા બંધ કરી દેવાયા છે અથવા તો કયાંક ડાઈવર્ઝન આપવામાં આવ્યુ છે. આ કારણથી ઘરેથી વ્યવસાય કે નોકરીના સ્થળે પહોંચવું શહેરીજનો માટે કપરુ બની ગયુ છે. કોટ વિસ્તારના પહેલેથી સાંકડા રોડ વધુ સાંકડા બનવાની સાથે રીલીફ રોડ અને કાલુપુર રેલવે સ્ટેશન સુધીના રસ્તા ઉપર ઓટો રીક્ષા સહિતના અન્ય વાહનોનું આડેધડ કરાતા પાર્કિંગને લઈને પણ શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધુ ઘેરી બનતી જઈ રહી છે.સુભાષબ્રિજ બંધ કરાતા શાહીબાગથી લઈ છેક જૂના વાડજ સુધી જતા વાહન ચાલકો ગુરૂવારથી ભારે અવઢવની પરિસ્થિતિમાં મુકાયેલા જોવા મળી રહ્યા હતા. ગાંધી આશ્રમ રી ડેવલપમેન્ટ પ્રોજેકટને લઈ નવેમ્બર-2024થી આર.ટી.ઓ.સર્કલ પાસે આશ્રય હોટલથી લઈ ગાંધી આશ્રમ તરફ જવાનો રોડ સદંતર બંધ કરી દેવામા આવ્યો છે. રાણીપ અને આશ્રમ રોડ તરફ જવા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. હાલ સુભાષ બ્રિજ તમામ પ્રકારના વાહનવ્યવહાર માટે બંધ કરાયો છે. તેવી પરિસ્થિતિમાં ગાંધી આશ્રમ પ્રોજેક્ટને લઈ બંધ કરાયેલ રસ્તો ખોલાય તો ટ્રાફિક સમસ્યા હળવી થાય એવી લોકોની લાગણી છે. શહેરના વાડજ જંક્શન ઉપર રૂપિયા 127 કરોડના ખર્ચથી ફલાય ઓવર બ્રિજ બનાવવાની કામગીરી રચના કન્સ્ટ્રકશનને અપાઈ છે. 30 મહિનામાં આ ફલાય ઓવર બ્રિજની કામગીરી માર્ચ-26માં પૂરી થવાની સંભાવના છે. સુભાષ બ્રિજ બંધ થવાથી દધિચી બ્રિજ તરફ પણ સવારથી લઈ મોડી રાત સુધી ટ્રાફિક જામની પરિસ્થિતિ જોવા મળી રહી છે. આ સ્થિતિમાં જૂના વાડજ, નવા વાડજ, અખબાર નગર અને રાણીપ વિસ્તારમાંથી કોટ વિસ્તાર તરફ જવા માંગતા લોકો માટે બંધ કરવામા આવેલો રસ્તો ખોલી નાંખવો જોઈએ. શહેરના એસ.જી.હાઈવે ઉપર ઓવરબ્રિજ બનાવવાની કામગીરી ચાલી રહી છે.

આ કારણથી ડાઈવર્ઝન અપાતા વાય.એમ.સી.એથી કર્ણાવતી ક્લબ સુધી સતત ટ્રાફિક જામની પરિસ્થિતિ જોવા મળી રહી છે. રૂપિયા 40 કરોડના ખર્ચે અજય ઈન્ફાકોન દ્વારા બનાવાયેલ હાટકેશ્વર બ્રિજ અનેક વિવાદ પછી શ્રી ગણેશ કન્સ્ટ્રકશન દ્વારા તોડવાની કાર્યવાહી શરૂ કરાઈ છે. બ્રિજ તોડતા પહેલા કેટલાક રસ્તા ઉપર ડાઈવર્ઝન અપાયુ છે. જે કારણથી ટ્રાફિકની સમસ્યા જોવા મળે છે.બ્રિજ તોડવાની 70 ટકા કામગીરી પુરી કરાઈ છે.

પોલીસકર્મીઓની મદદ લઈને ચોક્કસ સ્થળે દરોડો પાડ્યો

# અમદાવાદ પોલીસે 7 ગૌ-તસ્કરોની કરી ધરપકડ, ગૌવંશનો બચાવ્યો જીવ, 4 લાખનો મુદ્દામાલ જપ્ત

**ક્રૂરતા** — આ પશુઓને ડ્રાઇવર રાકેશભાઇની બોલેરો ડાલામાં ભરીને અહીં લાવવામાં આવ્યા

• અમદાવાદ

અમદાવાદના શહેર કોટડામાં પોલીસે ગૌવંશ પશુઓની ગેરકાયદે હેરાફેરી કરવા અને ક્રૂરતાપૂર્વક કતલ કરનારા 7 આરોપીને રંગેહાથ ઝડપ્યા છે. પોલીસે કુલ રૂપિયા 3,93,340ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં જીવતો અને કતલ કરાયેલો ગૌવંશ, છ વાહનો અને રોકડ રકમનો સમાવેશ થાય છે. ધરપકડ કરાયેલા આરોપીઓ વિરુદ્ધ પશુ પ્રત્યે ઘાતકી વર્તન અટકાવવાના કાયદાની વિવિધ કલમો હેઠળ કાયદેસરની ફરિયાદ નોંધવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, શનિવારે (6 ડિસેમ્બર) વહેલી સવારે આશરે 03.15 કલાકે પોલીસકર્મીઓ પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન પોલીસને ખાનગી બાતમી મળી હતી કે માધુભાઇ મીલ



કમ્પાઉન્ડમાં આવેલ મહેબુબભાઈ શેખની ઓરડી ખાતે કેટલાક શખસો સક્રિય છે. આ શખસો જીવતા પશુઓની ગેરકાયદે હેરાફેરી કરી, તેમને પાણી કે ઘાસચારો આપ્યા વિના અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધીને, કતલ કરી માંસનું વેચાણ કરી રહ્યા હતા. બાતમીને પગલે, પોલીસે તાત્કાલિક અન્ય પોલીસકર્મીઓની મદદ લઈને ચોક્કસ સ્થળે દરોડો પાડ્યો હતો. જ્યારે પોલીસે ઓરડીની બહાર તપાસ હાથ ધરી, ત્યારે એક જીવતો બળદ અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધેલો મળી આવ્યો હતો. ઓરડીની અંદરના દ્રશ્યો વધુ ભયાનક હતા, જ્યાં ગળેથી કાપીને કતલ કરાયેલો બીજો એક બળદ મળી આવ્યો હતો, જેના પગ પણ દોરી વડે ક્રૂરતાપૂર્વક બાંધેલા હતા. દરોડા સમયે સ્થળ પર હાજર પાંચ શખસો પૈકીના બે ઈસમો પાસે છરાઓ હતા, જે તેમણે પોલીસને જોતા જમીન પર ફેંકી દીધા હતા. પોલીસ દ્વારા કરાયેલી ઊંડાણપૂર્વકની પૂછપરછમાં એ વાત સામે આવી કે આરોપી એજાઝ હુસેન અલીહુસેન પીરમોહમંદ શેખે આ ગુનાઈત પ્રવૃત્તિ માટે ઓરડી ભાડે રાખી હતી. આરોપીઓએ કબૂલ્યું કે તેઓ ખેડૂત પાસેથી ખેતી કરવાના બહાને બળદો ખરીદીને લાવ્યા હતા. એક બળદ વીજાપુરના લાડોલ ગામથી અને બીજો પાટણથી લાવવામાં આવ્યો હતો.

આ પશુઓને ડ્રાઈવર રાકેશભાઈની બોલેરો ડાલામાં ભરીને અહીં લાવવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે ઝડપાયેલા આરોપીઓ તેમજ ફરાર આરોપી અમીનભાઈ કુરેશી દ્વારા માત્ર આર્થિક ફાયદા માટે એકબીજાની મદદગારીથી આ ગુનો આચરવામાં આવ્યો હતો. વધુમાં, અમીનભાઈ કુરેશીએ 'દાવત' માટે માંસનો જથ્થો મંગાવ્યો હોવાનું તપાસમાં ખુલ્યું છે.

સાઇટને સીલ કરવા સુધીના પગલા લેવાના મુડમાં

# ગાંધીનગરમાં નિયમોને નેવે મુકી વાયુ પ્રદૂષણ ફેલાવતી 38 બાંધકામ સાઈટને નવ લાખનો દંડ

• ગાંધીનગર

ગ્રીનસિટી હોવા છતા ગાંધીનગરમાં પણ શિયાળા દરમ્યાન વાયુ પ્રદૂષણમાં ચિંતાજનક વધારો થાય છે. હવામાં ઉડતા રજકણો સહિતના પાર્ટીકલ્સ વધવાને કારણે પ્રદૂષણની માત્રા વધતી જ જાય છે. આવી સ્થિતિ વચ્ચે ન્યુ ગાંધીનગર વિસ્તાર સહિત કોર્પોરેશન વિસ્તારમાં ઘણી જગ્યાએ બાંધકામ સાઈટ્સ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને હવામાં પ્રદૂષણ ફેલાવતા હોય છે. કોર્પોરેશન દ્વારા આવી સાઈટ્સ સામે નિયંત્રણ માટેનો મુડ બનાવ્યો છે. જે અંતર્ગત તાજેતરમાં તપાસ કરાઈ હતી જેમાં કુલ ૧૧૦ જેટલા સાઈટમાં તપાસ કરવામાં આવી છે જે પૈકી ૩૮ સાઈટને દંડ પણ ફટકારવામાં આવ્યો છે. શિયાળો હોવાને કારણે શહેરી વિસ્તારમાં ધૂળા રજકણો અને ધૂમાડાથી એર ક્વોલિટી ઈન્ડેક્સ ઘણો ઉંચો જઇ રહ્યો છે. જે નાગરિકોના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આવી સ્થિતિ વચ્ચે પણ બિલ્ડોરો દ્વારા નિયમોનું પાલન કર્યા વગર રહેણાંક વિસ્તારોની આસપાસ જ પ્લાન્ટ બનાવીને બાંધકામ સાઈટ ધમધમાવવામાં આવી રહી



છે. જેમાં સાઈટમાં જ્યાં બાંધકામ કરવામાં આવતું હોય ત્યાં ગ્રીન નેટ બાંધવામાં આવતી નથી, ડમ્પરો માટી-રેતી કે સિમેન્ટ ભરીને જતા હોય ત્યારે તેના ઉપર પણ કંઈ બાંધવામાં આવતું નથી તો માટી કે રેતીને ગમે ત્યાં ડમ્પ કરવામાં આવે છે આ ઉપરાંત જ્યાં માટી-રેતીનો ઢગલો કરાયો હોય ત્યાં પાણી પણ છાટવામાં આવતું નથી. આવી રીતે નિયમોનો ભંગ કરવાને કારણે આ સાઈટ દ્વારા પણ હવા પ્રદૂષણ ફેલાવવામાં આવે છે હાલ ગાંધીનગરમાં પણ એક્યુઆઈનો આંકડો ચિંતાજનકરીતે વધી રહ્યો છે ત્યારે કોર્પોરેશન ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા તપાસનો ધમધમાટ શરૃ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત તાજેતરમાં ૧૧૦ જેટલી બાંધકામ સાઈટમાં તપાસ કરવામાં આવી હતી જે પૈકી જે સાઈટ મારફતે વાયુ પ્રદૂષણ ફેલાવવામાં આવતું હતું અને નિયમોનું પાલન કરવામાં આવતુ ન હતું તે સાઈટને દંડ પણ ફટકારવામાં આવ્યો છે. કુલ નવ લાખ રૂપિયાનો દંડ કોર્પોરેશનની ટીમ દ્વારા ફટકારવામાં આવ્યો છે. જેમાંથી બે લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. તો આગામી દિવસોમાં પણ આ તપાસ ચાલુ રહેશે અને તે વખતે ફરી નિયમોનું ભંગ થતું અને વાયુ પ્રદૂષણ થતું જણાશે તો તે સાઈટને સીલ કરવા સુધીના પગલા લેવાના મુડમાં કોર્પોરેશન હોય તેમ લાગી રહ્યું છે.

# ગાંધીઅનગર :અડાલજ થી કોબા જતાં રોડ ઉપર રસ્તો ઓળંગી રહેલા યુવાનને અજાણ્યા વાહનના ચાલકે ઠોકર મારી દેતાં મોત

• અમદાવાદ

રાજસ્થાનથી રોજગારી રળવા આવેલા વિધુર અને નિસંતાન યુવાનનું ગાંધીનગરના અડાલજથી કોબા જતાં રોડ ઉપર સર્જાયેલા અકસ્માતમાં માથામાં ઈજા થતાં મૃત્યુ થયુ હતું. મુળ રાજસ્થાનનો યુવાન દોઢ દાયકાથી ગોઝારીયાના કેટરર્સમાં રસોડું સંભાળવાનું કામ કરીને ગુજરાન ચલાવતો હતો. તે અડાલજ વિસ્તારમાં રસોડાના કામ સંબંધે ગયો હતો. ત્યારે રસ્તો ઓળંગવા દરમિયાન તેને અજાણ્યા વાહને ઠોકર મારી દેતા મોતને ભેંટયો હતો. અકસમ્તાના આ બનાવ સંબંધે તેના પિતરાઈ ભાઈ સુરતના ડિંડોલીના દેલવાડા ગામે રહેતા રમેશકુમાર ઉદયલાલજી જોષીએ અજાણ્યા વાહનના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. તેમાં જણાવવામાં આવ્યાં પ્રમાણે અકસ્માતના બનાવમાં તેના પિતરાઈ ભાઈ લાંઘણજ ગામે રહેતા ૪૫ વષય જગદિશમનરૂપભાઈ જોષીનું મૃત્યુ થયુ હતું. ગામના પરિચિત દ્વારા ફરિયાદીને આ બનાવની જાણ કરવામાં આવી હતી. જેના પગલે ફરિયાદીએ ગાંધીનગર આવીને અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. મૃતક જગદિશાભાઈ છેલ્લા ૧૫ વર્ષથી ગોઝારીયાના કેટરર્સ નરેશભાઈ પટેલને ત્યાં રસોડાનું કામ સંભાળતો હતો. તેના પત્નીનું અગાઉ અવસાન થયુ હતું અને તે નિસંતાન હતો. ગત તારીખ ૩જીના મોડી સાંજે અકસ્માતનો બનાવ બન્યો હતો. જેના સંબંધમાં પોલીસ દ્વારા અજાણ્યા વાહનના ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# કુંથુનાથ દેરાસર ચોકમાં ખાડો ખોદ્યા બાદ બુરાણ નહી કરતા હાલાકી

સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર મનપા તંત્રએ કુંથુનાથ દેરાસર ચોકમાં ખાડો ખોદ્યા બાદ બુરાણ નહીં કરતા લોકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. રસ્તા પર ખોદકામ બાદ મટીરીયલ રસ્તા વચ્ચે છોડી દેવાતા વાહન ચાલકોને અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે.

સુરેન્દ્રનગરના નવા જંકશન રોડ પર આવેલા કુંથુનાથ દેરાસર ચોકમાં મનપા તંત્ર દ્વારા પાણીની પાઈપલાઈનના વાલ્વ રિપેરિંગ માટે રસ્તાનું ખોદકામ કરવામાં આવ્યું હતું. જોકે, કામગીરી બાદ ખોદેલા રસ્તાનું પથ્થર સહિતનું મટીરીયલ રસ્તા વચ્ચે જ છોડી દેવાતા વાહન ચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ચોક વચ્ચે જ ખોદકામ કરાયું હોવાથી ચારેય તરફથી આવતા વાહનોને કારણે ટ્રાફિક જામની સમસ્યા સતત સર્જાઈ રહી છે. ઉપરાંત, મટીરીયલને કારણે અકસ્માત થવાનો પણ ભય સેવાઈ રહ્યો છે. એક જાગૃત નાગરિકે આ અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે. સ્થાનિકોએ મનપા તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય રીતે બુરાણ કરીને રસ્તાનું રિપેરિંગ કરવામાં આવે તેવી માંગણી કરી છે.સુરેન્દ્રનગરના નવા જંકશન રોડ પર આવેલા કુંથુનાથ દેરાસર ચોકમાં મનપા તંત્ર દ્વારા પાણીની પાઈપલાઈનના વાલ્વ રિપેરિંગ માટે રસ્તાનું ખોદકામ કરવામાં આવ્યું હતું.

ઉગ્ર બોલાચાલીમાં હાથફેરો કરી 2.50 લાખ રોકડા લઈ ફરાર

# અમદાવાદમાં નારણપુરામાં બાઈકચાલકે જાણી જોઈને કાર સાથે બાઈક અથડાવી

• અમદાવાદ

અમદાવાદ શહેરના નારણપુરા વિસ્તારમાં બે શખસે એક નવી તરકીબ અપનાવીને ચોરીને અંજામ આપ્યો છે. મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા ઈસમોએ સૌપ્રથમ એક કારને સામાન્ય ટક્કર મારીને વાદ-વિવાદ ઊભો કર્યો હતો, જેથી કારચાલકનું ધ્યાન ભંગ થાય. કારચાલક બોલાચાલીમાં વ્યસ્ત થયો તે દરમિયાન, ચોરોએ નજર ચૂકવીને કારની અંદર મૂકેલો એક થેલો ચોરી લીધો હતો, જેમાં રૂપિયા 2,50,000 રોકડા સહિત ફરિયાદીના પાનકાર્ડ, આધારકાર્ડ અને બેંકની ચેકબુક જેવા અનેક મહત્વના દસ્તાવેજો હતા. આ ઘટના બાદ બંને આરોપીઓ તાત્કાલિક સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા, અને આ આખી ઘટના અંગેની ફરિયાદ નારણપુરા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે. આ ચોરીની ઘટના અંગે મળેલી માહિતી પ્રમાણે, સાબરમતીના રહેવાસી ફરિયાદી અલ્પેશભાઈ સુખડીયા, જે નવરંગપુરા ખાતે 'કેપિટલ ટ્રાવેલ્સ'ની ઓફિસ ધરાવે છે, તેઓ ગત 6 ડિસેમ્બર, 2025ના રોજ સાંજે 6.30 વાગ્યે પોતાની કારમાં ઘરે જઈ રહ્યા હતા. જ્યારે તેઓ નારણપુરા ફાટક પાસે કપિલકુંજ સોસાયટીના ગેટ નંબર 1 સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પલ્સર જેવી મોટરસાયકલ પર આવેલા બે શખસોએ તેમની કારના પાછળના ભાગે જાણી જોઈને સામાન્ય ટક્કર મારી હતી. ટક્કર માર્યા બાદ તરત જ આ બંને ઈસમોએ કારના કાચ પર જોરથી હાથ પછાડીને અલ્પેશભાઈ સાથે ઉગ્ર બોલાચાલી કરવાનું નાટક શરૂ કર્યું હતું. બોલાચાલી દરમિયાન જ્યારે ફરિયાદી અલ્પેશભાઈએ કારનો ડાબી બાજુનો કાચ ખોલ્યો, તે જ સમયે મોટરસાયકલ પર પાછળ બેઠેલા શખસે તેમની નજર ચૂકવીને ચપળતાથી કારની આગળની સીટ પર મૂકેલો કાળા કલરનો થેલો ચોરી લીધો હતો. થેલો ચોરી થયા બાદ બંને ચોર શખ્સો તરત જ પોતાની મોટરસાયકલ લઈને ઉસ્માનપુરા રેલવે ક્રોસિંગ તરફ ભાગી ગયા હતા. ચોરાયેલા થેલામાં રૂપિયા 2,50,000 રોકડા, ICICI બેંકની ઓરીજનલ ચેક બુક, પાનકાર્ડ, આધારકાર્ડ, ડેબીટ કાર્ડ, તેમજ ઓફિસની ચાવીઓ જેવી કિંમતી વસ્તુઓ હતી. અલ્પેશભાઈએ ચોરોને પકડવા બૂમાબૂમ કરી હતી, પરંતુ તેઓ પકડાયા નહોતા. તેમણે પોલીસને આપેલા વર્ણન મુજબ, ચાલકે હેલ્મેટ પહેર્યું હતું, જ્યારે પાછળ બેઠેલા શખ્સે કાળું જેકેટ, વાદળી જીન્સ પહેર્યું હતું અને મોઢા પર કાળું મફલર બાંધેલું હતું.આ સમગ્ર મામલે નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે, જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

# બોડેલી APMC માર્કેટમાં લટકતો જોખમી વીજ થાંભલો, વેપારીઓમાં ભયનો માહોલ



• અંજુમ ખત્રી છોટાઉદેપુર

જિલ્લાના બોડેલી ખાતે આવેલા APMC માર્કેટ વિસ્તારમાં એક વીજ થાંભલો ખરાબ હાલતમાં ખતરનાક રીતે લટકતો જોવા મળ્યો છે. સવારે લોકો હાટ બજાર માટે પહોંચ્યા ત્યારે આ સ્થિતિ સ્પષ્ટપણે નજરે પડી હતી. વીજ થાંભલો કોઈપણ સમયે ધરાશાયી થઈ શકે તેવી સ્થિતિમાં હોવાથી વેપારીઓ અને સ્થાનિકોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. ખાસ કરીને રવિવારના દિવસે અહીં મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે આવતા હોય, ત્યારે અકસ્માતની આશંકા વધુ વધતી જોવા મળી રહી છે. સ્થાનિક વેપારીઓ તથા નાગરિકોએ તંત્રને તાત્કાલિક પગલાં લેવા માંગ કરી છે. APMC માર્કેમાં રવિવારી હાટ બજાર હોવાથી મોટી સંખ્યામાં લોકોના અવરજવર વચ્ચે આવી જોખમી પરિસ્થિતિ સર્જાવા પામતા, સમયસર રીપેરિંગ ન થાય તો કોઈ ગંભીર ઘટના સર્જાઈ શકે છે. સરકારી તંત્ર ક્યારે અને કેવી કાર્યવાહી કરશે તે અંગે લોકોમાં સવાલો ઊભા થતા જોવા મળી રહ્યાં છે.

આનંદ

- પોલીસને જોઈને નાસવા જતા શખ્સો પકડાઈ ગયા

# ફીણાવ ભાગોળ રોડ પરથી કતલખાને લઈ જવાતા 8 પશુ બચાવાયા

- પશુઓ, બે વાહનો સહિત રૂ. 11.20 લાખનો મુદ્દામાલ જપ્ત, 4 શખ્સો સામે ફરિયાદ

નડિયાદ : મહુધા પોલીસે શનિવારની રાત્રે ફીણાવ ભાગોળ રોડ પરથી બે વાહનોમાં કતલખાને લઈ જવાતા આઠ પશુઓને બચાવી લીધા હતા. પોલીસે પશુઓ, બે વાહન મળી કુલ રૂ.૧૧,૨૦,૦૦૦ના મુદ્દામાલ સાથે બંને વાહનચાલકોને ઝડપી પાડયા હતા. આ બનાવ અંગે મહુધા પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

મહુધા પોલીસને બાતમી મળેલ હતી કે, કઠલાલ તરફથી બોલેરો અને પિકઅપ બંને વાહનો પશુ ભરીને કતલખાને જવાના છે. જેથી પોલીસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન કઠલાલ તરફથી આવતા વાહનો બોલેરો અને પિકઅપને ઉભી રાખવાનો ઈશારો કરતા બંને વાહન ચાલકોએ વાહનો હંકારી મૂક્યા હતા. પરંતુ રોડ પર મૂકેલી આડાસને કારણે બંને વાહનો ઉભા રહેતા પોલીસે બંને વાહનચાલકોની અટક કરી પૂછપરછ કરતા જુનેદ મહંમદ ખુદાબક્ષ પઠાણ અને શહેજાદ સાબીર હુસેન મલેક (બંને રહે. મહુધા)મ હોવાનું જણાવ્યું હતું. તેમજ પશુઓ અયુબ મિયાએ ખોખરવાડાથી ભરી આપ્યા હતા અને અમદાવાદમાં રહેતા નદીમને આપવા જઈ રહ્યાં હોવાનું જણાવ્યું હતું. પોલીસે બંને વાહનમાંથી ક્રૂરતાપૂર્વક બાંધેલી ચાર ભેંસો (કિં. રૂ. ૧ લાખ) અને ચાર પાડા-પાડીઓ (કિં. રૂ.૨૦ હજાર) કબજે કરી હતી. આ વાહનોમાં પશુઓ માટે દાણ ઘાસચારો કે પાણીની પણ કોઈ વ્યવસ્થા ન હતી. પોલીસે કિં.રૂ. ૧,૨૦,૦૦૦ના પશુ, દસ લાખના બે વાહન સહિતનો રૂ.૧૧,૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવ અંગે મહુધા પોલીસે જુનેદ મહંમદ ખુદાબક્ષ પઠાણ, શહેજાદ સાબીર હુસેન મલેક, અયુબમિયા તેમજ નદીમ સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.



'અમે સુવિધાઓ આપીએ છીએ છતાં વેપારીઓ ખરીદી માટે આવતા નથી' : ચેરમેન

# બાલાસિનોરનું 6 દસકા જૂનું માર્કેટિંગ યાર્ડ શોભાના ગાંઠિયા સમાન, હરાજી બંધ

**ખરીદી શરૂ થશે**

ફક્ત સરકારી રાહે ટેકાના ભાવે ખરીદી, અન્ય ઉત્પાદનો વેચવા ખેડૂતોએ વિરપુર, ડેમાઇ, લુણાવાડા સુધીના ધક્કા

બાલાસિનોર : બાલાસિનોરમાં એક તરફ ઔદ્યોગિક ક્ષેત્રે જીઆઈડીસીની કફોડી દશા છે, ત્યારે બીજી તરફ સહકારી ક્ષેત્રમાં અગત્યની સંસ્થા માર્કેટિંગ યાર્ડ પણ શોભાના ગાંઠિયા સમાન બની રહ્યું છે. લગભગ છ દસકા કરતા વધારે જૂના બાલાસિનોરના માર્કેટગ યાર્ડમાં હાલ હરાજી જ બંધ છે. પરિણામે તાલુકાના ૨૦ હજારથી વધારે નાના ખેડૂતોને ખુલ્લા બજારમાં જે ભાવ મળે તે ભાવે પોતાની જણસો વેચી દેવાની ફરજ પડે છે. સ્પર્ધાત્મક વાતાવરણના અભાવે ખેડૂતોને પૂરતા ભાવ મળતા નથી.

બાલાસિનોર શહેરમાં શક્તિ ટોકિઝ સામે લગભગ છ દસકા કરતા વધારે સમયથી કાર્યરત માર્કેટિંગ યાર્ડ તો છે, પરંતુ અહીં ખેડૂતોના ખેત ઉત્પાદનની ખરીદી થતી નથી. બાલાસિનોર તાલુકામાં ખેતીની કુલ જમીન ૨૧,૨૦૩ હેક્ટર છે. જેના પર ૨૦ હજારથી વધારે ખેડૂતો દ્વારા કપાસ, ડાંગર, દિવેલા, ઘઉં, સોયાબિન, મગફળી, બાજરી, તમાકુ, રાય, ચણા જેવા પાક લેવામાં આવે છે. આ ઉત્પાદનો વેચવા માટે માર્કેટયાર્ડ હોવાછતાં સુવિધા ખેડૂતોને મળતી નથી. માર્કેટયાર્ડ કાર્યરત હોય તો હરાજી દ્વારા ખેડૂતોને સારા ભાવ મળી શકે છે.

પરંતુ હાલ ખેડૂતોએ ખુલ્લા બજારમાં જે ભાવ મળે તે ભાવે ઉત્પાદનો વેચી દેવા પડે છે અથવા તો વિરપુર, ડેમાઈ, લુણાવાડા જેવા દૂરના માર્કેટ યાર્ડ સુધી મોંઘા ભાડા ખર્ચીને ખેત ઉત્પાદનો લઈ જવા પડે છે. કેન્દ્ર સરકાર સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવાના પ્રયાસો ભલે કરી રહી હોય, પરંતુ બાલાસિનોરમાં ખેડૂતો આજે પણ આ મહત્વની સહકારી સુવિધાથી વંચિત છે.

બાલાસિનોર માર્કેટિંગ યાર્ડના ચેરમેન પંકજભાઈ જણાવે છે કે, અમે યાર્ડમાં બધી સુવિધા આપવા માટે તૈયાર છીએ, પરંતુ વેપારીઓ માલ ખરીદવા માટે આવતા નથી. પરિણામે ખેડૂતો પણ માલ વેચવા આવતા નથી. વેપારીઓને અહીં પીવાનું પાણી, ગોડાઉન, સિક્યોરિટી, ફ્રી વજનકાંટો વગેરે સુવિધા આપવા કમિટીની તૈયારી છે. ભૂતકાળમાં આ બાબતે મીટિંગ પણ કરી હતી. છતાં કોઈ આવવા તૈયાર નથી. હાલમાં સરકારી ટેકાના ભાવની ખરીદી માટે યાર્ડની જગ્યા આપવામાં આવે છે. મોટા ખેડૂતો તો સીધા જ ઉત્પાદનો લઈને બહાર જતા રહે છે.



બાલાસિનોર માર્કેટયાર્ડમાં ખેત ઉત્પાદનોની ખરીદી ભલે બંધ હોય, પરંતુ આગામી ચાર-પાંચ મહિનામાં શાકભાજીની ખરીદી અહીં શરૂ થશે. ચેરમેન આ અંગે વિગતો આપતા વધુમાં જણાવે છે કે, શાકભાજીની ખરીદી અને વેચાણ અંગેની મંજૂરીની પ્રક્રિયા ચાલી રહી છે. સરકારમાંથી નિર્ણય થયે તરત જ શાકભાજીનું ખરીદ-વેચાણ ચાલું કરી દેવાશે.

નડિયાદ ટાઉન પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ

# રિક્ષાચાલકને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી ખંડણી માગનાર શખ્સ સામે ગુનો

નડિયાદ : નડિયાદમાં રહેતા એક રિક્ષાચાલકને ખોટા કેસમાં ફસાવી દેવાની અને પાસા કે તડીપાર કરાવવાની ધમકી આપીને એક શખ્સે રૂ. ૩૦,૦૦૦ની ખંડણી માગી હતી. સતત ધમકીઓથી ત્રસ્ત થઈ માનસિક આઘાતમાં સરી પડેલા રિક્ષાચાલક ગભરાઈને મરવા જવાનું કહીને ઘરેથી નીકળી ગયો હતો. જોકે, મિત્રો અને સબંધીઓએ મોડી સાંજે તેની શોધખોળ કરી સમજાવીને પરત લાવ્યા હતા. આ બનાવ અંગે રિક્ષા ચાલકના મિત્રએ ખંડણી માગનાર શખ્સ સામે નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.



નડિયાદના શકર કુઈ વિસ્તારમાં રહેતા અબ્દુલસીદ અબ્દુલહફીઝ મલેકનો મિત્ર યાસીનભાઈ ઉર્ફે ખલી ઉસ્માનગની વ્હોરા (રહે. પરિવાર સોસાયટી) રિક્ષા ફેરવે છે. ગત તા. ૦૫/૧૨/૨૦૨૫ના રોજ યાસીનને તેમના મિત્ર ભાવેશભાઈ વાળંદે એક વીડિયો મોકલેલો, જેમાં અમદાવાદનો જયેશ ઠક્કર નામનો એક શખ્સ યાસીન ઉર્ફે ખલી નડિયાદમાં લાખોનો જુગાર રમાડતો હોવાનું જણાવી ધંધો બંધ કરી દેવા ધમકી આપતો હતો. તે જ દિવસે બપોરના સુમારે જયેશ ઠક્કરે યાસીન વ્હોરાને વોટ્સએપ કોલ કરીને ખોટા કેસ કે પાસા/તડીપારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂ. ૩૦,૦૦૦ની ખંડણી માગી હતી. યાસીને પોતે જુગાર ન રમાડતો હોવાનું જણાવતા, જયેશ ઠક્કરે પહેલા જુગાર રમતો હતો તેમ કહીને પણ પૈસા આપવા દબાણ કર્યું હતું. ત્યારબાદ તેણે ગુગલ પેનું સ્કેનર મોકલીને છેલ્લે રૂ. ૧૧,૦૦૦ આપી દેવાની ધમકી આપી. યાસીન માનસિક રીતે હેરાન થતાં તેણે મિત્ર અબ્દુલ રસીદને વાત કરી, અને અબ્દુલ રસીદે જયેશ ઠક્કરના ગુગલ પે સ્કેનર પર રૂ. ૧૧,૦૦૦ મોકલી આપ્યા હતા. તેમ છતાં જયેશ ઠક્કરના ત્રાસના કારણે યાસીન વહોરા મરવા જવાનું કહી ઘરેથી નીકળી ગયો હતો. જોકે, મિત્રો તેને શોધીને પરત લાવ્યા હતા. આ મામલે અબ્દુલ રસીદ મલેકની ફરિયાદના આધારે નડિયાદ ટાઉન પોલીસે જયેશ ઠક્કર (રહે. અમદાવાદ) સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# 8મો વાડો ઈન્ડિયા નેશનલ કરાટે ચેમ્પિયનશિપ 2025 સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાઈ




8મો વાડો ઈન્ડિયા નેશનલ કરાટે ચેમ્પિયનશિપ 2025 સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ઉત્સાહભેર યોજાઈ હતી. આ રાષ્ટ્રીય સ્પર્ધામાં 6 વર્ષના યંગ બ્લેક બેલ્ટ કરાટે ખેલાડી સારવ શાહ એ તેજસ્વી પ્રદર્શન કરતાં બે મેડલ જીત્યા હતા. સારવે કાતા ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ તેમજ ફાઈટ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતા. નાની ઉંમરે જ સારવનું આ સિદ્ધિપ્રદાન શહેર માટે ગૌરવની ક્ષણ છે અને તેને પ્રોમિસિંગ યુવા કરાટે ખેલાડી તરીકે ઓળખ અપાવી છે.

# સુરતના માંગરોળ તાલુકાના ધામડોદ ખાતે આવેલ પી.પી.સવાણી યુનિવર્સિટી ખાતે પદવીદાન સમારોહ યોજાયો

• સુનિલ ગાંજાવાલા

સુરતસુરતના માંગરોળ તાલુકાના ધામડોદ ખાતે આવેલ પી.પી.સવાણી યુનિવર્સિટી ખાતે પદવીદાન સમારોહ યોજાયો હતો, યુનિવર્સિટી નો છટ્ઠો પદવીદાન સમારોહ યોજાયો હતો, કાર્યક્રમમાં લુથરા ગ્રુપના ચેરમેન ગિરીશ લુથરા, પીપી સવાણી યુનિવર્સિટીના પ્રમુખ વલ્લભ ભાઈ સવાણી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થી હજાર રહ્યા હતા.

યુનિવર્સિટી ના વિદ્યાર્થીઓને વૈદિક મંત્રોચ્ચાર સાથે વૈદિક પ્રણાલી અનુસાર પદવી એનાયત કરવામાં આવી હતી, દીક્ષાંત સમારોહમાં યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખા જેમાં બેચલર ઓફ સાયન્સ, માસ્ટર ઓફ સાયન્સ, ડિપ્લોમા ઈન મેડિકલ ટેકનોલોજી, ડોક્ટરેટ ઓફ ફિલોસોફી ઈન સાયન્સ એન્ડ એન્જીન્યરીંગ, બેચલર ઓફ ટેકનોલોજી, બેચલર ઓફ નર્સિંગ, બેચલર ઓફ ફિઝિયોથેરાપી, આર્કેટેકચર સહિત ની ફેકલ્ટીના 1200 જેટલા વિદ્યાર્થીને પદવી એનાયત કરવામાં આવી હતી અને 25 વિદ્યાર્થીને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા અને 12 પી એચ ડી વિદ્યાર્થીઓને ડોક્ટરેટ ડિગ્રી આપવામાં આવી.

સીંગલ પટ્ટી રોડ ટુ લેન બનાવવાની આવશ્યકતા

# વાળુકડથી ખરકડી દેવગાણા રોડ 5 વર્ષથી બિસ્માર હાલતમાં

ભાવનગર : ઘોઘા તાલુકાના વાળુકડથી સિહોર તાલુકાના ટાણાને જોડતા વાયા ખરકડી અને દેવગાણા રોડની તદન બીસ્માર હાલત થઈ ગઈ છે. છેલ્લા પાંચ વર્ષથી કાચા થીગડા મારીને ચલાવવામાં આવે છે. આથી વાહનચાલકો અને ગ્રામજનો તોબા પોકારી ગયા છે.

ખરકડી ખાતે લઘુમતીઓનું તીર્થસ્થાન તથા અગિયાળી ખાતે ગણેશ આશ્રમ સનાતનીઓનુ તીર્થસ્થાન આવેલ છે. ઉપરાંત ૨૦ હજારની વસ્તી ધરાવતું દેવગાણા ગામ તથા ખરકડી, અગીયાળી અને ખાંટડી મળીને કુલ ૩૫ હજારની વસ્તી માટે ભાવનગરને જોડતો આ રોડ તદન ખાડાની હાલતમાં છે. કોઈપણ વાહન ૧૦ કિ.મી.ની ગતીથી વધારે ચાલી શકે તેમ નથી. રસ્તો દસેક વર્ષ અગાઉ બનાવવામાં આવ્યો હતો, અસલ રોડનુ ક્યાય અસ્તિત્વ રહ્યુ નથી. હવે સળંગ તુટી ગયેલા રોડમાં થીગડા ચલાવી લેવાય તેમ નથી. કમરતોડ રોડના કારણે યાત્રાળુઓ અને ભાવનગર આવાગમન કરતા લોકો માટે તદન હાલાકીનું કારણ બન્યો છે. અગીયાળી, દેવગાણા, ખરકડી અને ખાંટડી માટે આ રોડ ધોરી નસ સમાન છે તેમ છતાં હજુ સુધી તંત્રની આંખ ખુલી નથી, અત્યાર સુધી એકપણ ચૂંટાયેલા પ્રતિનિધિ કે નેતાઓને આ રસ્તો ધ્યાને આવ્યો નથી. સત્તાધીશો દ્વારા આ રોડ નજીકના ભવિષ્યમાં નવો બનાવવા માટે આયોજન કરવામાં નહીં આવે તો ત્રણ ચાર ગામના લોકો સાથે મળીને લોકતંત્ર રાહે આંદોલન હાથ ધરવામાં આવશે તેવુ આગેવાનો આક્રોશભેર જણાવી રહ્યા છે. હાલ સિંગલ પટ્ટી આ રોડ ટુ લેન બનાવવાની અને તાકીદે નવો બનાવવાની ઉગ્ર માંગ ઉઠવા પામેલ છે.



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI